**આજનો સુવિચાર**

જિંદગી ખુલ્લી કિતાબ છે તેનો અર્થ એવો નથી કે મનફાવે ત્યારે પાના ફાડી નાખવા

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/23
(VALID up to 31-12-2023)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ

દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૭ અંક : ૨૪૩ જૂનાગઢ તા.૩૦-૯-૨૦૨૩ શનિવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 47 Volume : 243, Junagadh : Date : 30 September, 2023, Saturday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh, GUJARAT, India. • Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor Abhijeet K. Upadhyay

# ખાલિસ્તાનીઓ બેફામ : કેનેડા બાદ હવે સ્કોટલેન્ડમાં ભારતનાં હાઈકમિશ્નર સાથે બળજબરી કરી

લંડન તા. ૩૦

કેનેડામાં ખાલીસ્તાની અલગતાવાદી સંગઠનો દ્વારા ભારતીય દુતાવાસ અને તેના ઉચ્ચ અધિકારીઓસામે 'વોન્ટેડ' તથાદેશ છોડી દેવાની ધમકી તથા તેમના જીવન પર ખતરાજેવી સ્થિતિ છે તે સમયેજ બ્રિટનના સ્કોટલેન્ડમાં પણ ખાલીસ્તાની તરફી સમર્થકોએ બ્રિટન ખાતેના ભારતના હાઈ કમીશ્નર વિક્રમ દોરાઈસ્વામીને એક ગુરુદ્વારામાં જતા રોક્યા હતા તથા તેમની કારના દરવાજા ખોલી બળજબરીથી તેમાં ઘુસવાનો પ્રયાસ કર્યો હતો.

બાદમાં હાઈકમીશ્નર પોતાની સલામતી માટે કારને પાછળ લેવડાવીને પરત ચાલ્યા ગયા હતા. કેનેડામાં એક તરફ ભારતીય ડિપ્લોમેટની સલામતીની ચિંતા છે.

તે સમયે બ્રિટનમાં બનેલી આ ઘટના ભારત સરકાર માટે ચિંતાવધી છે અને તેની અસર અન્ય દેશોમાં પણ જયાં જયાં ખાલીસ્તાની તરફી શીખ વસે છે ત્યાંથવાનો ભય છે. ધ ટાઈમ્સના રિપોર્ટ મુજબ બ્રિટન ખાતેના ભારતીય હાઈ કમિશ્નર (ઉચ્ચાયુક્ત) વિક્રમ દોરાઈસ્વામીએ સ્કોટલેન્ડમાં ગુરુદ્વારાની કમીટીસાથે બેઠકયોજી હતીઅને તે માટેતેઓ અલ્બા ડ્રાઈવ પરના ગ્લાસગો ગુરૂદ્વારા પહોંચ્યા હતા. અહી અગાઉથી જ કેટલાક યુવકો તેમની રાહ જોતા હતા અને તેઓએ દોરાઈસ્વામીને કહ્યું કે તેઓને ગુરુદ્વારામાં જવા દેવામાં આવશેનહી પણ રાજદૂતે અગાઉથી મિટીંગ નિશ્ચીત હોવાનું જણાવીને ગુરૂદ્વારા ભણી કાર લેવરાવતા જ યુવકોએ કારને રોકી હતી અને બળજબરીથી કારનો દરવાજો ખોલવાની કોશીશ કરી પરીસ્થિતિ પારખીને દોરાઈસ્વામી ત્યાંથી ચાલ્યા ગયા હતા. તેઓએ કહ્યું કે મને એમ કહેવાયુ કે ગુરુદ્વારામાં તમારુ સ્વાગત નથી. તમો આવકાર્ય નથી. જો કે તેઓએ ઉમેર્યુ કે ગુરુદ્વારા કમીટી આ પ્રકારની સ્થિતિમાં સંમત હોય તેવું લાગતું નથી. આ અંગેનો એક વિડીયો પણ ખાલીસ્તાનના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટમાં મુકાયો છે જેમાંગુરુદ્વારા સંચાલકોની પણટીકા કરવામાં આવી છે. તેઓ ભારતીય રાજદૂતનું સ્વાગત કરે છે તેમને પંચની કઈ પડી નથી. તેઓએ જવાબદારી બજાવી નથી તેમને શરમ આવવી જોઈએ. હવે નવી દિલ્હી તેનો આકરો પ્રતિભાવ આપશે તે નિશ્ચીત છે.

# રાજસ્થાનમાં ભાજપ - કોંગ્રેસ વચ્ચે ગળાકાપ સ્પર્ધા




નવી દિલ્હી તા. ૩૦

રાજસ્થાનમાં વિધાનસભાની ચૂંટણીને લઈને હલચલ મચી ગઈ છે. રાજસ્થાનમાં કોંગ્રેસ કે ભાજપને જનસમર્થન મળશે કે કેમ તે નક્કી કરવા માટે અનેક પ્રકારના સર્વે કરવામાં આવી રહ્યા છે.

તાજેતરમાં જ ટાઈમ્સ નાઉ નવભારતે રાજસ્થાનમાં ચૂંટણીને લઈને એક સર્વે કર્યો હતો. આ સર્વેમાં ઘણા મહત્વના ખુલાસા જોવા મળ્યા, જેના કારણે ભાજપ અને કોંગ્રેસ બંનેની ઉંઘ હરામ થઈ ગઈ છે. બંને પક્ષોમાં છેલ્લા ઘણા સમયથી આંતરિક જૂથવાદ ચાલી રહ્યો છે. રાજસ્થાનની ચૂંટણીને લઈને હાઈકમાન્ડ પણ સક્રિય બન્યું છે અને રાજયની વારંવાર મુલાકાત લઈ રહ્યું છે.

ટાઈમ્સ નાઉ નવભારતે શુક્રવારે રાત્રે ૮ વાગ્યે એક સર્વે બહાર પાડ્યો જેમાં ભાજપ-કોંગ્રેસ બંને વચ્ચે ગળાકાપ સ્પર્ધા હોવાનું જણાય છે. આ સર્વેમાં વર્ષ ૨૦૧૮ ના સર્વેથી લઈને જુલાઈ મહિના સુધી અને ત્યારબાદ સપ્ટેમ્બર મહિના સુધીના રિપોર્ટ કાર્ડ રજૂ કરવામાં આવ્યા હતા.

ટાઈમ્સ નાઉ નવભારતના સર્વે મુજબ જો રાજસ્થાનમાં આજે ચૂંટણી યોજાય તો ભાજપ અને કોંગ્રેસ વચ્ચે બરાબરીનો મુકાબલો જોવા મળી રહ્યો છે. રાજસ્થાનની વિધાનસભાની ૨૦૦ બેઠકોમાંથી ભાજપને ૯૫થી ૧૦૫ બેઠકો મળતી જોવા મળી હતી. બીજી તરફ કોંગ્રેસને ૯૧થી ૧૦૧ બેઠકો મળી રહી છે. આ સિવાય અન્ય ૩ થી ૬ બેઠકો જીતી શકે છે. આ પહેલા વર્ષ ૨૦૧૮માં પણ ભાજપ ૭૩ અને કોંગ્રેસ ૧૦૦ સીટો પર હતી. તેના પરથી હવે સ્પષ્ટ જણાય છે કે બંને પક્ષો વચ્ચે લગભગ સમાન સ્પર્ધા છે.

# મધ્યપ્રદેશમાં સત્તા પરિવર્તનનાં સંકેતો : ભાજપની ઉંઘ હરામ

ભોપાલ તા. ૩૦

મધ્યપ્રદેશ વિધાનસભા ચૂંટણી માટે ભાજપે તેના ૭૯ ઉમેદવારોની જાહેરાત કરી દીધી છે. કોંગ્રેસમાં ચૂંટણીની તૈયારીઓ જોરશોરથી ચાલીરહી છે. રાજ્યમાં કોની સરકાર બનશે તે મતદારોએ નક્કી કરવાનું છે. વિધાનસભાની ચૂંટણીને લઈને અનેકપ્રકારનાદાવા કરવામાં આવી રહ્યા છે. કેટલાક લોકોનું કહેવું છે કે મધ્યપ્રદેશમાં કોંગ્રેસની સરકાર બનશે જયારે કેટલાક લોકોને આશા છે કેરાજ્યમાં ભાજપ ફરીથી સત્તામાં આવશે. દરમિયાન ટાઈમ્સ નાઉ નવભારતનો સર્વે રિપોર્ટ સામે આવ્યો છે. જેમાં દાવો કરવામાં આવ્યો હતો કે રાજ્યમાં સત્તા પરિવર્તન થઈ શકે છે. સર્વેરિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે જો રાજ્યમાં વિધાનસભાની ચૂંટણી થાય તો ભાજપને ૧૦૨ થી ૧૧૦સીટોમળી શકેછે. તે જ સમયે, કોંગ્રેસને ૧૧૮ થી ૧૨૮ બેઠકો મળવાની ભારણા છે. જ્યારેઅન્ય પક્ષોને૦૨ બેઠકો મળતી જણાય છે. સાથે જ વોટ શેરની વાત કરીએ તો ૨૦૨૩ની ચૂંટણીમાં ભાજપને ૪૨.૮ ટકા વોટ મળી શકે છે. તે જ સમયે, કોંગ્રેસને ૪૩.૮ ટકા વોટ મળ્યા છે. જ્યારે અન્યને ૧૩.૪૦ ટકા વોટ મળી શકે છે.

તમામ પ્રકારનાં હઠીલા રોગોની
આર્યુવેદીક પદ્ધતિથી
સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)

**ડૉ. ધવલ સંઘવી**

બી.એ.એમ.એસ. (B.V.P.U.). Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે
નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩

ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો




તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પદ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત

વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક

**દરેક જગ્યાએ ઉપલબ્ધ**

કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
**અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...**



**નવરાત્રી મહોત્સવ મનાવો ટાઉનહોલનાં ગ્રાઉન્ડમાં**

- શું આપ નવરાત્રી મહોત્સવ માટે પાર્ટી પ્લોટ કે મેદાન રાખવાનું વિચારી રહયા છો ?
- શું આપ સર્વજ્ઞાતિય નવરાત્રી મહોત્સવનાં આયોજન માટે વિચારી રહયા છો ?
- શું આપ એક દિવી -બે દિવસ અથવા ૧૦ દિવસ માટે ગ્રુપમાં દાંડીયા રાસનાં આયોજનનું વિચારી રહયા છો ?

તો મુંઝાશો નહી... કારણ કે....

જૂનાગઢ શહેરની મધ્યમાં આવેલ કાળવા ચોક ખાતે આવેલ શામળદાસ ગાંધી ટાઉન હોલનું ગ્રાઉન્ડ છે જ...

આ ગ્રાઉન્ડ આધુનીક સુવિધાઓથી સજ્જ છે જેમાં લાઈટ ડેકોરેશન, નામી ઓરકેસ્ટ્રા મ્યુઝીકલ પાર્ટી, નામી કલાકારો સાથેની પણ વ્યવસ્થા છે આપને તો માત્ર નવરાત્રી મહોત્સવનું આયોજન જ કરવાનું છે બાકી સંપૂર્ણ સુવિધાથી સજ્જ છે

**વહેલા તે પહેલાનાં ધોરણે**
**તો આપ રાહ શેની જોઈ રહયા છો ...?**
**બુકીંગ ચાલુ છે**

**સંપર્ક : મો. ૯૮૨૫૬ ૧૧૩૦૧**
**જૂનાગઢ**



# ગુજરાતના ખેડૂતોના ઉભા પાકને મળશે બહોળું રક્ષણ

## સોલાર પાવર કીટની ખરીદીમાં સહાય આપતી આ યોજનાના બજેટમાં અઢી ગણો વધારો કરી ચાલુ વર્ષે રૂ. ૫૦ કરોડની જોગવાઈ કરાઈઃ કૃષિ મંત્રી રાઘવજી પટેલ

ગાંધીનગર તા.૩૦

ભારત સદીઓથી કૃષિ પ્રધાન દેશ રહ્યો છે, અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ દેશના ખેડૂતોની આવક વધારીને તેમને સમૃદ્ધ બનાવવાનો નિર્ધાર કર્યો છે. વડાપ્રધાનશ્રીના નિર્ધારને પરિપૂર્ણ કરવા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળની ગુજરાત સરકાર હરહંમેશથી પ્રયત્નશીલ રહી છે. રાજ્યના ખેડૂતોને પ્રાધાન્ય આપી રાજ્ય સરકાર દ્વારા ખેડૂતોના હિત અને સર્વાંગી વિકાસ માટે અનેક મહત્વપૂર્ણ નિર્ણય કર્યા છે. ખેડૂતો તરફથી મળેલી રજૂઆતોને હકારાત્મક વાચા આપતા ચાલુ વર્ષના બજેટમાં ખેતરની ફરતે સોલાર ફેન્સીંગ બનાવવા માટે સોલાર પાવર કીટની ખરીદી માટે ખેડૂતોને નાણાંકીય સહાય આપવાની યોજનામાં અઢી ગણો વધારો કરીને રૂા.૫૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

કૃષિ મંત્રી રાઘવજી પટેલે આ સંદર્ભે જણાવ્યું હતું કે, રાજ્યભરમાં વન્ય અને રખડતા પ્રાણીઓ દ્વારા ખેડૂતોના ઊભા પાકને થતા નુકશાનને અટકાવવા રાજ્ય સરકાર દ્વારા ખેતરની ફરતે લોખંડની કાંટાળી તારની વાડ બનાવવાની યોજના ૧૮ વર્ષથી અમલમાં છે. પરંતુ રક્ષિત વાડ માટે વ્યક્તિગત ધોરણે કામગીરી કરવી હોય તો તેવા કિસ્સામાં રાજ્ય સરકાર દ્વારા ગત વર્ષ ૨૦૨૨-૨૩માં વૈકલ્પિક યોજના સ્વરૂપે ખેતરની ફરતે સોલાર ફેન્સીંગ બનાવવા માટે સોલાર પાવર કીટની ખરીદી માટે ખેડૂતોને નાણાંકીય સહાય આપવાની યોજના રૂા. ૨૦ કરોડની જોગવાઈ સાથે અમલમાં મૂક્વામાં આવી હતી. ચાલુ વર્ષે આ યોજના માટે બજેટમાં રૂ. ૫૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, ચાલુ વર્ષે યોજનાના બજેટમાં અઢી ગણો વધારો થતા ગત વર્ષની સરખામણીમાં ૧૩ હજાર ખેડૂતોની જગ્યાએ ચાલુ વર્ષે ૩૩ હજાર ખેડૂતોને આ યોજનાનો લાભ મેળવી શકશે. આ યોજના માટે રાજ્યના તમામ ખાતેદાર ખેડૂતને કુલ ખર્ચના ૫૦ ટકા અથવા રૂા. ૧૫,૦૦૦ બંનેમાંથી જે ઓછું હોય તે મુજબ ખાતા દીઠ સહાય આપવામાં આવશે. આ યોજનાનો લાભ મેળવવા ઈચ્છુક ખેડૂતો માટે આઈ-ખેડૂત પોર્ટલ ટૂંક સમયમાં જ ખુલ્લું મૂકવામાં આવશે. જેનો મહત્તમ લાભ લેવા માટે રાજ્યના ખેડૂતોને કૃષિ મંત્રીએ અનુરોધ કર્યો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે, ખેતરની ફરતે તાર ફેન્સિંગ કરવાની યોજના માટે ચાલુ વર્ષે અંદાજપત્રમાં રૂા.૩૫૦ કરોડ અને સોલાર ફેન્સીંગ માટે સોલાર પાવર કીટની ખરીદીમાં ખેડૂતોને નાણાંકીય સહાય આપવાની યોજના માટે રૂા.૫૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. આમ, ખેડૂતોના પાકને રક્ષણ આપવા માટે કુલ રૂા. ૪૦૦ કરોડ જેટલી માતબર રકમની જોગવાઈ કરી છે.

## ઓખાના દરિયામાંથી અનધિકૃત રીતે બોટ અને ડ્રગ્સ સાથે ઝડપાયેલા ત્રણ ઈરાની સહિતના તમામ પાંચ શખ્સો સાત દિવસના રિમાન્ડ પર



(કુંજન રાડીયા દ્વારા)

જામ ખંભાળિયા, તા.૩૦

દેશના સંવેદનશીલ દરિયાકાંઠામાંના એક એવા ઓખાના દરિયામાંથી ગુરુવારે ચઢતા પહોરે જિલ્લા પોલીસ દ્વારા શંકાના આધારે એક બોટ આંતરી, તેમાંથી ત્રણ ઈરાની સહિત ચાર શખ્સો તેમજ અહીંથી વધુ એક તમિલનાડુના રહીશ એવા એક શખ્સ સહિત કુલ પાંચ શખ્સોને દબોચી લઈ, તેઓ પાસેથી ડ્રગ્સ, સેટેલાઈટ ફોન, જીપીએસ સિસ્ટમ, વિદેશી નાણું, સહિતનો મુદ્દામાલ કબજે કર્યો હતો. આ પ્રકરણમાં તપાસનીસ એસ.ઓ.જી. પોલીસે આરોપીઓને સ્થાનિક અદાલતમાં રજૂ કરી, સાત દિવસના રિમાન્ડ પર લીધા છે.

સમગ્ર જિલ્લામાં ચર્ચાસ્પદ બની ગયેલા આ પ્રકરણમાં દેવભૂમિ દ્વારકા જિલ્લા પોલીસ દ્વારા ઓખાના સિગ્નેચર બ્રિજ પાસે એક પરપ્રાંતિય માછીમારી બોટ હોવાની શંકાના આધારે ઓખા મરીન પોલીસ સાથે એલસીબી, એસઓજી સહિતના પોલીસ કાફલાએ ચાર શખ્સો સાથેની ફિશિંગ બોટલ ઝડપી લઈ અને તેમાંથી મૂળ તામિલનાડુ રાજ્યના કોઈમ્બતુર ખાતે રહેતા અને એરોસ્પેસ એ.પી.સી.ના મિકેનિકલ એન્જિનિયર અશોકકુમાર અય્યપન મુથુરેલા નામના ૩૭ વર્ષના શખ્સ સાથે માછીમારીનો વ્યવસાય કરતા ત્રણ ઈરાની નાગરિકો એવા મુસ્તુફા મહમદ સઈદ બલુચી (ઉ.વ. ૩૮), જાશેમ અલી ઈશાક બલુચી (ઉ.વ. ૨૫) અને અમીરહુસેન અલી શાહકરમ બલુચી (ઉ.વ. ૧૯) નામના ચાર શખ્સોને આ બોટમાંથી દબોચી લેવામાં આવ્યા હતા.

આ ઉપરાંત તમિલનાડુના કોઈમ્બતુર ખાતેના પાલયમના મૂળ વતની અને ઓમાન દેશના મસ્કત ખાતે રહેતો આનંદકુમાર અય્યપન મુથુરેલા નામના ૩૫ વર્ષનો શખ્સ કે જે બોટમાં આવેલા અશોકકુમાર મુથૂરેલાનો નાનો ભાઈ થાય છે, તેને પણ ઓખાથી દબોચી લેવામાં આવ્યો હતો.

ઝડપાયેલા આ શખ્સો પાસેથી રૂપિયા પાંચ લાખથી વધુની કિંમતનું ૧૦ ગ્રામ હેરોઈન, અઢી લાખની ઈરાની રીયાલની ચલણી નોટો, જીપીએસ ડીવાઈસ, સેટેલાઈટ ફોન, એટીએમ કાર્ડ, ડેબિટ કાર્ડ, વિગેરે સહિતનો મુદ્દામાલ કબજે કરી, આ પ્રકરણમાં એસ.ઓ.જી. પોલીસે તપાસ હાથમાં લીધી હતી.

આ પ્રકરણમાં જિલ્લા પોલીસ વડા નિતેશ પાંડેયના માર્ગદર્શન હેઠળ તપાસનીસ અધિકારી ઈન્ચાર્જ પી.આઈ. પ્રશાંત સીંગરખીયા દ્વારા ઝડપાયેલા તમામ પાંચ આરોપીઓને ગઈકાલે શુક્રવારે બપોરે ઓખાની અદાલતમાં રજૂ કરી, આ શખ્સો રાષ્ટ્રવિરોધી પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા છે કે કેમ? તેઓ સાથે અન્ય કોઈ શખ્સોને સંતવાણી છે કે કેમ? સહિતના વિવિધ મુદ્દે ૧૪ દિવસના રિમાન્ડની માંગણી કરવામાં આવી હતી. જેના અનુસંધાને નામદાર અદાલતે આરોપીઓના આગામી તારીખ ૬ ઓક્ટોબર સુધીના બપોરના ૧૨ વાગ્યા સુધીના સાત દિવસના રિમાન્ડ મંજૂર કર્યા છે.

આ પ્રકરણમાં વધુ કેટલીક બાબતો પણ પ્રકાશ પડે તેવી સંભાવનાઓ પણ વ્યકત કરવામાં આવી રહી છે.

## સગર્ભા સ્ત્રીઓને ટાર્ગેટ કરતી ટોળકી દ્વારા આચરવામાં આવતા "આંગણવાડી ફ્રોડ"ને અટકાવવા દ્વારકા જિલ્લા સાયબર સેલ દ્વારા ખાસ કાર્યક્રમ

(કુંજન રાડીયા દ્વારા)

જામ ખંભાળિયા, તા.૩૦

વર્તમાન ટેકનોલોજીના આધુનિક યુગમાં સંચાર માધ્યમો અને ઈન્ટરનેટનો વ્યાપ ખૂબ જ વ્યાપક પ્રમાણમાં વધ્યો છે. જેના કારણે તમામ વર્ગના લોકો સંચાર માધ્યમ મોબાઈલ, કોમ્પ્યુટર, ઈન્ટરનેટ વિગેરેનો ઉપયોગ કરતા થયા છે. જેનો ઉપયોગ અનિવાર્ય છે. આનો લાભ લઈને કેટલાક સાયબર ગઠિયાઓ સાયબર ક્રાઈમની માયાઝાળમાં ફસાવી છેતરપીંડી વિશ્વાસઘાતના ગુનાઓ આચરતા હોય છે.

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં બનતા આ પ્રકારના સાયબર ક્રાઈમના ગુનાઓનો અભ્યાસ કરવામાં આવતા નાના વર્ગના લોકો વધુપ્રમાણમાં ભોગબનતા હોવાનું ખુલવા પામ્યું છે. જે બાબતને દ્વારકા જિલ્લા પોલીસ વડા નિતેશ પાંડેય દ્વારા આ પ્રકારના સાયબર ક્રાઈમને શોધી કાઢવા માટે સાયબર ક્રાઈમ સેલને સધન રીતે કામગીરી કરી અને તે અટકાવવાની દીશામાં ચોક્કસ વ્યુહરચના માટે મદદનીશ પોલીસ અધિક્ષક રાઘવ જૈનના માર્ગદર્શન હેઠળ સાઈબર ક્રાઈમ સેલ દ્વારા સઘન કામગીરી કરવામાં આવી રહી છે.

આ અંતર્ગત "સાયબર સેફ-દેવભૂમિ દ્વારકા"ના અભીયાન હેઠળ સાયબર ક્રાઈમનો ભોગ બનતા અટકાવવા લોકોને જાગ્રુત કરવા પ્રોગ્રામ બનાવવામા આવ્યો છે. આ કાર્યક્રમ હેઠળ દેવભૂમિ દ્વારકા જિલ્લાની જનતાને વખતો વખત અવેરનેશ પ્રોગ્રામ રાખી, જિલ્લામાં બનતા સાયબર ક્રાઈમના ગુનાની મોડેશ ઓપરેન્ડીથી વાકેફ કરી, આવા પ્રકારના ઠગ લોકોના જાસામાં ન આવી જાય, તે હેતુસર જાગૃતિ કેળવવાની કામગીરી જિલ્લા કક્ષાએ કરવામા આવનાર છે.

આના અનુસંધાને જિલ્લામાં સરકાર દ્વારા સગર્ભા સ્ત્રીઓને મળતી સહાયની યોજનાના નામે સગર્ભા સ્ત્રીઓને ટારગેટ કરીને ફોન કોલ મારફતે તેઓને પ્રલોભન આપી, નાણાકીય ફ્રોડના બનાવો બનતા હોવાનું ધ્યાને આવતા સાયબર ક્રાઈમ સેલની ટીમ દ્વારા આ પ્રકારના બનાવો રોકવા જનજાગૃતિ માટે આંગણવાડી ખાતે ફ્રોડ અવેરનેસ પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં સાયબર ક્રાઈમ સેલની ટીમ દ્વારા "આંગણવાડી ફ્રોડ"ને અટકાવવા જાહેરજનતા જોગ જિલ્લા કક્ષાએ આ આંગણવાડી ફ્રોડના સાયબર ક્રાઈમના બનાવોમાં સગર્ભા સ્ત્રીઓ ભોગ બનતા હોવાથી, મહીલા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટરના સુપરવિઝન હેઠળ જિલ્લાની તમામ સી- ટીમ દ્વારા આ અવેરનેસની કાર્યવાહી કરવામાં આવનાર છે. આ કાર્યવાહી દરમીયાન આંગણવાડીના કાર્યકરોને સાથે રાખીને સગર્ભા સ્ત્રીઓનો ડેટા મેળવી, સરકાર દ્વારા સગર્ભા સ્ત્રીઓને મળતા લાભોની માહીતી પુરી પાડી, તેઓને આ પ્રકારના ફ્રોડમાં સામેવાળા દ્વારા જે-તે વ્યક્તિઓને ફોન કોલ કરી, કઈ રીતે વિશ્વાસમાં લેવામા આવે છે, તેમજ વિશ્વાસમાં લઈ, ક્યુ.આર. કોડ સ્કેન કરાવી, ઓટીપી મેળવીને જે-તે વ્યક્તિઓની બેંક બેલેન્સ સાફ કરી દેવામાં આવે છે. જે બાબતની માહીતી પુરી પાડી, સગર્ભાઓમાં જાગૃતિની મહતમ કામગીરી કરવામા આવી છે.


દર બુધવારે અને શનિવારે પ્રસિધ્ધ થાય છે

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક
• ટચૂકડી જાહેર ખબર •
જેઈલ રોડ, જૂનાગઢ ફોન : ૨૬૨૧૦૦૦, ૨૬૨૨૬૫૦

આ જાહેરાત ફક્ત રોકડેથી જ ફીક્સ દરે સ્વીકારવામાં આવે છે


## ક્રિષ્ના પ્રાયમરી સ્કુલના વિદ્યાર્થીઓની સફળતા



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૩૦

શ્રી ક્રિષ્ના પ્રાયમરી સ્કુલ મેનેજડ બાય પ્રયાગ વિદ્યા સંકુલ ખામધ્રોળ રોડ જૂનાગઢના વિદ્યાર્થીઓએ સ્કુલ ગેમ્સ ફેડરેશન ઓફ ઈન્ડિયા આયોજીત સ્પર્ધામાં જીલ્લા કક્ષાની રમતમાં વિદ્યાર્થી બાલધા ક્રિશ એ. અને ચૌહાણ પ્રિયંકા એસ. ધો-૮ તેઓએ ૬૦૦મી દોડમાં દ્વિતિય ક્રમે વિજેતા થયેલ. શાળાના ટ્રસ્ટી જે.વી.બુટાણી, રવિસર, ડોબરીયા સર, અજુડીયા સર, વઘાસીયા સર, આચાર્ય કે.એમ.હુંમર, અને કોચ સી.જે.લોઢીયા શાળા દ્વારા તમામ સ્પર્ધકોને પ્રમાણપત્ર દ્વારા સન્માનિત કરી અભિનંદન પાઠવેલ હતા.

## રૂરલ ડિસ્ટ્રીકટ ક્રિકેટ એસોસિએશન સિલેકશન નેટ - જામનગર - ઈન્ટર ડિસ્ટ્રીકટ તાજાવાલા વન-ડે ટુર્નામેન્ટ

(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ તા.૩૦

સૌરાષ્ટ્ર ક્રિકેટ એસોસિએશન આયોજીત ઈન્ટર ડિસ્ટ્રીકટ તાજાવાલા વન-ડે ટ્રોફી માટે જામનગર રૂરલ ટીમનું સિલેકશન તા. ૨-૧૦-૨૦૨૩ના રોજ બપોરે ૨ (બે) વાગ્યે પ્રનામી ગ્રાઉન્ડ, હીરૂજી મીસ્ત્રી રોડ, નવાનગર કો. ઓપ. બેંક સામે, જામનગર મુકામે રાખવામાં આવેલ છે. જે ખેલાડીઓ સિલેકશન ટ્રાયલમાં આવવા માંગતા હોય તેઓએ પોતાની ક્રિકેટ કીટ સાથે ઉપરોક્ત સમય અને સ્થળે પહોંચી જવાનું રહેશે.

## ભાણવડ તાલુકાને દુષ્કાળગ્રસ્ત જાહેર કરો : આપની માંગ



(કુંજન રાડીયા દ્વારા)

જામ ખંભાળિયા, તા. ૩૦

દેવભૂમિ દ્વારકા જિલ્લાના ભાણવડ પંથકમાં આ વર્ષે ચોમાસામાં અપૂરતો અને અનિયમિત વરસાદ વરસ્યો હોવાનું માનવામાં આવી રહ્યું છે. ત્યારે સરકારના ધારા ધોરણ મુજબ ભાણવડ તાલુકાને અછતગ્રસ્ત જાહેર કરી અને આ વિસ્તારના ખેડૂતોને મળવાપાત્ર સહાય ચૂકવવામાં આવે તે માટેની માંગ અહીંના આમ આદમી પાર્ટીના કાર્યકરો દ્વારા કરવામાં આવી છે.

## અવસાન નોંધ



જૂનાગઢ : સ્વ. ગંગાબેન ભગવાનદાસ ગોંડલીયા (ઉ.વ.૯૮) તે જયેશભાઈ જાનકીદાસ મેસવાણીયા, અજીતભાઈ, તથા મોરારીદાસના નાનીમાનું તા. ૨૯-૯-૨૦૨૩નાં રોજ અવસાન થયેલ છે. સદગતનું બેસણું તા. ૩૦-૯-૨૦૨૩ના શનિવારે સાંજે ૪થી ૫ અમારા નિવાસ સ્થાન વાઘેશ્વરી સોસાયટી, બ્લોક નં.૬, મહેશનગર, ઝાંઝરડા રોડ, જૂનાગઢ ખાતે રાખેલ છે.


જૂનાગઢ મધ્યમાં છાંયા બજાર વિસ્તારમાં 6 B.H.K. ફ્લેટ વેંચવાનો

સુવિધાઓ ૨૨૫૦ ફુટ. કાર્પેટ એરિયા. વિશાલ હોલ, ૫ બેડરૂમ, એટેચ બાથરૂમ, ટોઈલેટ સાથે વિશાળ કિચન, સ્ટોરરૂમ, સાથે ડાઈનીંગ હોલ, મંદિર રૂમ તેમા પણ અલગથી કિચનની વ્યવસ્થા, ફુલ ફર્નિચર ડિઝાઈનર સીલીંગ સાથે સંપૂર્ણ હવા ઉજાસવાળુ લિફટની સુવિધા, કાર પાર્કીંગની સુવિધા સાથે ફલેટ વેંચવાનો છે

: કોન્ટેક :
મો. ૯૬૩૮૦ ૦૭૯૪૦

પંચહાટડી ચોક માંગનાથ રોડ

વિસ્તારમાં ગ્રાઉન્ડ ફલોરમાં ૪૫૦ ચોરસફુટ દરેક ધંધાને માટે યોગ્ય દુકાન વેંચવાની છે ભાવ ૧૫૦૦૦/ રૂા. ચોરસફુટ

:: કોન્ટેક ::
મો. ૯૪૨૯૪ ૨૬૩૧૨

પાર્સલ સેવા આપવામાં આવશે
રાજ ડાયનીંગ હોલ
• સંપૂર્ણ ગુજરાતી કાઠીયાવાડી થાળી
• જૂનાગઢ શહેરના હદયસમાકાળવાચોકમાં
• આપના શુભ પ્રસંગે પાર્ટી ઓર્ડર આવકાર્ય છે.
દર રવિવારે ગુજરાતી થાળીમાં સ્પે. પંજાબી શાક તેમજ ઉંધીયુ મળશે.
રાજ ડાયનીંગ હોલ
કાળવા ચોક, જૂનાગઢ.

દિપક ફટાકડા સેન્ટર
લગ્ન તથા શુભ પ્રસંગે અવનવી વેરાયટીમાં ફટાકડા મેળવવા માટે તેમજ સ્ટેશનરીનો સામાન મળશે
દિપક ફટાકડા સેન્ટર
C/o. દિપક સ્ટેશનરી, આઝાદ ચોક, જુનાગઢ.
ફોનઃ ૨૬૫૨૬૧૨

અમારે ત્યાંથી ગરમા ગરમ પ્યોર ચણાનાં લોટનાં ગરમા ગરમ ગાઠીયા જલેબી ચીપ્સ સવારે તથા સાંજે મળશે
જય વાઘેશ્વરી ગાઠીયા સેન્ટર
વણઝારી ચોક, ડબાગલીના નાકે, કષ્ટભંજન હનુમાન મંદિર સામે, જૂનાગઢ

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક ટચૂકડી વિભાગમાં જાહેરાત આપવા આજે સંપર્ક સાધવો





ધીરૂભાઈ જે. સોની
નવો નંબર નોંધી લેશો
મો. ૬૩૫૯૮ ૧૨૮૨૩
વોટસએપ નં. ૬૩૫૯૮ ૧૨૮૨૩
કોઈપણ પ્રકારની જાહેરાત માટે જ સંપર્ક સાધવો

સ્વાદનો ચટકો !
અમારે ત્યાંથી
• પાણીપુરી • ભેળ • સમોસા રગડો
• મસાલાપુરી • દાબેલી • રગડા પેટીસ
• દહીપુરી • દિલ્હી ચાટ • બાસ્કેટ ચાટ
• સેવપુરી • લસણીયા બટેટા
તેમજ ફરાળી વાનગી, દહીંવડા, ફરાળી ભેળ, રસ ચેવડો, દહીં ચેવડો વગેરે આઈટમો મળશે
:: ખાસ નોંધ ::
લગ્ન પ્રસંગે, પાર્ટી પ્રસંગે તેમજ અન્ય પ્રસંગોએ બહારના ઓર્ડર ઉપર પુરતું ધ્યાન આપવામાં આવશે.
જલારામ પાણીપુરી
પંચહાટડી ચોક, શ્રીરામ મંદિરની બાજુમાં, જૂનાગઢ.
જગદીશભાઈ સોઢા : મો. ૯૬૮૭૫ ૫૭૬૨૧

આઈસ્ક્રીમ
અંદર બેસવાની સુંદર વ્યવસ્થા
ક્રીમ લચ્છી
સન્ડે આઈસ્ક્રીમ
ક્રિમ મિલ્ક સેઈક
શિખંડ - બાસુંદી - દહીંવડા
કાળવા ચાર રસ્તા કોર્નર, જુનાગઢ.

ન્યુ બોમ્બે ઈલે.
દરેક કંપનીની ડીશ અને રીચાર્જ માટે મળો.
મો. ૯૩૭૫૫ ૫૨૦૫૫

૫૦ વર્ષથી પ્રખ્યાત નામ
વિજય ઘી ડીપો
શ્રાવણ માસ નિમિત્તે ગેરંટી સાથે ભેંસનું તથા ગાયનું ૧૦૦ ટકા શુધ્ધ ઘી
વિજય ઘી ડીપો
ડબાગલી, નાની શાકમાર્કેટ, જૂનાગઢ
આથી ગ્રાહકજનોને અમારા નવા મોબાઈલ નંબર નોંધી લેશો
મો. ૭૨૦૨૦

માણસો જોઈએ છે
બેકરી શો રૂમમાં કામ કરી શકે તેવા માણસોની જરૂર છે
વંદના બેકરી
તળાવ સ્ટ્રીટ
મો. ૮૩૨૦૧

નારાયણ બેકરી
સુખનાથ ચોક
જૂનાગઢ
મો. ૯૮૨૪૦ ૦૨૩૫૩

# ગીર સોમનાથ જિલ્લામાં યોજાશે કલા મહાકુંભ માટે તા.૨૪ ઓક્ટોબર સુધી ભરી શકાશે રજીસ્ટ્રેશન ફોર્મ

## વક્તૃત્વ, નિબંધ લેખન, ચિત્રકલા, ભરત નાટયમ, એકપાત્રીય અભિનય , લોકનૃત્ય, રાસ ગરબા સહિતની સ્પર્ધા યોજાશે

ગીર સોમનાથ.તા.૩૦

કમિશનરશ્રી, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ ગાંધીનગર દ્વારા અને જિલ્લા વહીવટી તંત્ર તેમજ જિલ્લા યુવા વિકાસ અધિકારી, જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓની કચેરી દ્વારા આ વર્ષે પણ તાલુકા અને જિલ્લા કક્ષાએ કલા મહાકુંભનું આયોજન થનાર છે. જેમાં રજીસ્ટ્રેશન (ઓફ લાઈન) ફોર્મ ભરવાની છેલ્લી તા.૨૪/ ૧૦/૨૦૨૩ છે.

આ વર્ષે કલા મહાકુંભમાં કુલ- ૩૭ વિવિધ સાંસ્કૃતિક કૃતિઓ અને કુલ ચાર વયજૂથ ૬ થી ૧૪ વર્ષ, ૧૫ થી ૨૦ વર્ષ, ૨૧ થી ૫૯ વર્ષ અને ૬૦ વર્ષથી ઉપરના વયજૂથમાં સ્પર્ધા યોજાશે. જેમાં તાલુકા કક્ષાએથી શરૂ થતી કુલ ૧૪ કૃતિઓ જેમાં વકતૃત્વ, નિબંધ લેખન ,ચિત્રકલા ,ભરત નાટ્યમ,એકપાત્રીય અભિનય, લોકનૃત્ય ,રાસ , ગરબા ,સુગમ સંગીત ,લગ્નગીત , સમૂહ ગીત , લોકગીત / ભજન ,તબલા ,હાર્મોનિયમ (હળવુ) તેમજ સીધી જિલ્લા કક્ષાએથી શરૂ થતી કુલ – ૦૯ સ્પર્ધા , કાવ્ય લેખન ,ગઝલ શાયરી ,લોકવાર્તા , દુહા-છંદ ચોપાઈ ,સર્જનાત્મક કારીગરી , સ્કુલ બેન્ડ ,ઓરગન ,કથ્થક ,શાસ્ત્રીય કંઠ્ય સંગીત ,અને સીધી પ્રદેશકક્ષાએથી શરૂ થતી કુલ - ૦૭ સ્પર્ધાઓમાં ,સિતાર , ગિટાર ,વાંસળી , કુચિપુડી ,ઓડીસી,મોહિની અટ્ટમ ,વાયોલીન તથા સીધી રાજ્યકક્ષાએથી શરૂ થતી કુલ - ૦૭ સ્પર્ધાઓમાં ,પખવાજ ,મૃદંગમ ,રાવણ હથ્થો , જોડીયા પાવા ,સરોદ ,સારંગી ,ભવાઈ વગેરે કૃતિઓ યોજાશે.

તદુપરાંત આ સ્પર્ધામાં વધુમાં વધુ કલાકારો ભાગ લે તે માટે તમામ શાળાઓ, કોલેજો તથા વિવિધ સંસ્થાઓ તેમજ અભ્યાસ કરતા કે અભ્યાસ ન કરતા કલાકારોને આ સ્પર્ધામાં ભાગ લેવા ઈચ્છુ કલાકારોએ નિયત નમુના ફોર્મ ભરી , આધારકાર્ડ તથા બેંક પાસબુકની નકલ સાથે જોડી જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી, જિલ્લા સેવા સદન'', રૂમ નં. ૩૧૩-૩૧૪, બીજો માળ, ઈણાજ, વેરાવળ ખાતે કચેરીના કામકાજના દિવસો દરમ્યાન તથા કચેરી સમય દરમ્યાન પહોચાડવાનું રહેશે. સમય મર્યદાબાદ આવેલ ફોર્મસ્વીકારવામાં આવશેનહી.

નોધનીય છે કે કલા મહાકુંભની વિગતવાર ફોર્મ નિયમો જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓની કચેરી, જિલ્લા સેવા સદન'', રૂમ નં. ૩૧૩-૩૧૪, બીજો માળ, મુ.ઈણાજ, તા.વેરાવળથી મેળવી શકાશે. તેવું જિલ્લા યુવા વિકાસ અધિકારીશ્રી એચ.ડી. મકવાણાની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# ઊના:યુનિસેફ અને સમગ્ર શિક્ષા અભિયાન દ્વારા શાળાની મુલાકાત લીધી




(પ્રતિનિધિ દ્વારા)

ઉના તા. ૩૦

શ્રી ગાંધી કન્યા હાઈસ્કુલ ઉનાના આચાર્યા શ્રીમતી દીપ્તિબેન ગોસ્વામીની એક યાદીમાં જણાવ્યું છે કે યુનિસેફ અને સમગ્ર શિક્ષા અભિયાન(SSA) દ્વારા લર્નિંગ લીંક ફાઉન્ડેશન ના માધ્યમથી ગુજરાત રાજયમાં પ્રોગ્રામ રન કરવામાં આવેલ તેમાં આ શાળાની ૧૨૦૦ વિદ્યાર્થીની ઓએ રજીસ્ટ્રેશન કરેલું અને આ કોર્સ પૂર્ણ કરી પ્રમાણપત્ર મેળવ્યું હતું તે બદલ કિશન કુમાર શર્માએ શાળાને પ્રમાણપત્ર અને ઈનામ આપવામાં આવ્યું હતું.

ગુજરાતમાં સૌથી વધારે રજીસ્ટ્રેશન બદલ શાળાનું વિડીયો રેકોર્ડિંગ કરવા માટે ટીમ આવેલ જે કાર્યક્રમને સફળ બનાવવા શાળા પરિવારે ખૂબ જહેમત ઉઠાવેલી અને ઉના તાલુકા કેળવણી મંડળ ના પ્રમુખશ્રી જીતેન્દ્રકુમાર શેઠ ટ્રસ્ટી શ્રી રાધે ભાઈ એ ટ્રસ્ટ મંડળ વતી અભિનંદન આપેલ અને પ્રોજેક્ટ ડાયરેક્ટર શ્રી હિમાચલભાઈનુ અભિવાદન કરવામાં આવ્યું હતું.

### માંગરોળના દરિયામાંથી કોહવાયેલી હાલતમાં લાશ મળી

(નિલેશ રાજપરા દ્વારા)

માંગરોળ તા. ૩૦

માંગરોળ બંદર બોટમાં માછીમારી કરવા ગયેલ ખલાસીનો પગ લપસી જતા દરિયામાં ડૂબ્યો હતો. ત્રણ દિવસ પહેલાં માછીમારી કરવા ગયેલ આઘેડનો શાંતુભાઈ મગનભાઈ વારલી ઉ.૫૭ રહેવાસી બોરલાઈ તાલુકો બોરલાઈ જી.વલસાડવાળાનો બોટ પરથી પગલપસતા દરિયામાં પડી ગયા ગયો હતા. માંગરોળ દરિયામાં થી ત્રણ દિવસ બાદ કોહવાએલ હાલતમાં લાસ મળી આવી છે. માંગરોળ દરિયામાં લાશ તરતી જોવામળતા માછીમારો એબોટ દ્વારા બહાર કાઢવામાં આવેલ હતો. લાશ ના પીએમ માટે માંગરોળ સરકારી હોસ્પિટલ લઈ આવવામાં આવેલહતી.

# દ્વારકા તાલુકાના શિવરાજપુર ગામે જાકુપીર ડાડાની દરગાહે છેલ્લા ૫૦૦ વર્ષથી યોજાતા પારંપરિક મલ્લ કુસ્તી મેળાનું આયોજન કરાયું







(રાકેશ સામાણી દ્વારા)

દ્વારકા તા. ૩૦

દર વર્ષે ભાદરવા મહિનાની પૂનમના અહીંઆ રીતે મલકુસ્તી મેળાનું આયોજન કરાય છે તે રીતે આ વર્ષે પણ ખૂબ સુંદર રીતે મલકુસ્તી મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ મેળામાં દશેક અને મલ્લ યોધ્ધા મુખ્યતવે ક્ષત્રિય વાઘેર સમાજનાં હોય છે. હજારોની સંખ્યામાં દર્શકો અને સેકડોની સંખ્યામાં મલ્લોએ આ મેળામાં ભાગ લીધો. ઓખા મંડળ અને બારાડી વિસ્તારના તંદુરસ્ત અને ખેલ દિલવાળા યુવાનો આ મેળાની રાહ જોઈને બેઠા હોય છે ત્યારે આજે ઘણા બધા મલ્લ કુસ્તી બાજો એ દર્શકોના દિલ જીતી લીધા હતા.આ મલ્લ કુસ્તી મેળામાં દ્વારકા જિલ્લા પોલીસ વડા નિતેશ પાંડે, દ્વારકા પ્રાંત અધિકારી, જિલ્લા રમત ગમત અધિકારી, દ્વારકા તાલુકા પ્રમુખ તેમજ મોટી સંખ્યામાં અનેક મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

મલ્લ કુસ્તી મેળા ના અંતે વિજેતા ખેલાડીઓને જિલ્લા પોલીસવાળા ઉપરાંતના મહાનુભવાના હસ્તે ઈનામો આપવામાં આવ્યા હતા. વર્ષોથી ચાલતા આવતા આ મેળાના આયોજનમાં સુચાર રૂપથી ખૂબ સારી વ્યવસ્થાઓ કરવામાં આવે છે. આવેલા તમામ મહેમાનો માટે ચા પાણી અને છાયામાં બેસવાની વ્યવસ્થાઓ કરાઈ હતી. મેળાના આ સંપૂર્ણ કાર્યક્રમનું સંચાલન અશોકભા માણેક અને યુવાનો એ કરેલું હતું.

# કોડીનારમાં ઇદે મિલાદુન્નબી ની ભારે ધામધૂમ પૂર્વક ઉજવણી, ઝુલુસમાં માનવ મહેરામણ ઉમટી પડ્યો

(મુગલ અલ્તાફ દ્વારા)

કોડીનાર તા.૩૦

કોડીનાર શહેર તાલુકાભરમાં ઈસ્લામ ધર્મના મહાન પયગમ્બર સાહેબની વિલાદતના પાવન દિવસે ઈદે મિલાદુન્નબીની ભારે હર્ષોલ્લાસ સાથે ધામધૂમપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. ઈદે મિલાદ ના દિવસે દારૂલઉલુમ ફેઝાને રિઝકુલ્લાહ વીરાટનગરમાંથી અતિ ભવ્ય ઝુલુસ નીકળ્યું હતું, આ ઝુલુસ કાદરી મસ્જીદ ચોકમાં આવ્યા બાદ મેઈન બજારમાંથી થઈ જુમાં મસ્જીદેથી મોટાપીરની દરગાહે સપન્ન થયું હતું.ત્યારબાદ દરગાહ શરીફમાં ફાતિહા ખવાની પછી આમ ન્યાઝનો કાર્યક્રમ યોજાયો હતું. તેમજ અકીદતમંદોને બાલ મુબારકના દર્શન કરાવાયા હતા. આ જુલુસમાં કેક દ્વારા બનાવવામાં આવેલ મદીના શરીફની આબેહૂબ કલાકૃતી અને એકતા ચોકનું લાજવાબ શણગાર લોક આકર્ષણનું કેન્દ્ર બની હતી. ઝુલુસમાં અદ્યતન ડી.જે.સાઉન્ડ સિસ્ટમમાં નાતના તાલે લોકો પરચમ લેહરાવી ઝૂમ્યા હતા. ઝુલુસમાં ભારે મોટી સંખ્યામાં માનવ મહેરામણ ઉમટી પડ્યો હતો. ઝુલુસ એકતા ચોક માં ભવ્યરીતે શણગારેલા પીંડાલ પહોંચ્યું ત્યારે પૂર્વ સાંસદ દીનુભાઈ સોલંકી, પૂર્વ પાલિકા પ્રમુખ શીવાભાઈ સોલંકી, પાલિકા પ્રમુખ સુભાષભાઈ ડોડીયા સહિત ના રાજકીય સામાજિક અને હિન્દુ મુસ્લિમ સમાજ ના અગ્રણીઓ આગેવાનો ખાસ ઉપસ્થિત રહ્યા હતા. કોડીનારમાં જશને વિલાદતના પ્રસંગે રબીઉલ અવવલ ની પેહલી તારીખ થીં જ શહેરના અનેક વિસ્તારોને રંગ બે રંગી રોશની થી શણગારવામાં આવ્યા હતા, તેમજ કાદરી મસ્જીદ ચોકમાં ૧૨ દિવસ સુધી તકરીર ના પોગ્રામ સહિત અનેક જગ્યાએ નાત ખ્વાની, આમ ન્યાઝ સહિત ના કાર્યક્રમો યોજાયા હતા. તેમજ સમગ્ર ઝુલુસ દરમિયાન કોડીનાર પોલીસના પી.આઈ. આર.એ. ભોજાણી, પી.એસ.આઈ.ચાવડા વગેરે પોલીસ જવાનો દ્વારા ચૂસ્ત બંદોબસ્ત ગોઢવવામાં આવ્યો હતો.

## 'સ્વચ્છતા હી સેવા અભિયાન' બન્યું 'જન આંદોલન'

# ૧૫ થી ૨૯ સપ્ટેમ્બર, ૨૦૨૩ વચ્ચે ૩૨ કરોડથી વધુ વ્યક્તિઓ ૨.૩ કરોડ દૈનિક સહભાગિતા સાથે રાષ્ટ્રવ્યાપી અભિયાનમાં જોડાય છે

### 'એક તારીખ એક ઘંટા એક સાથ' ઉજવણી સાથે ૧ ઓક્ટોબરના રોજ સમાપન થશે—નાગરિકોની આગેવાની હેઠળ ૧ કલાક 'સ્વચ્છતા માટે શ્રમદાન' માટે પ્રધાનમંત્રીનું આહ્વાન

નવીદિલ્હી તા. ૩૦

દેશ હાલમાં 'કચરા મુક્ત ભારત' થીમ પર ચાલી રહેલા સ્વચ્છતા હી સેવા (એસએચએસ) ૨૦૨૩ અભિયાન સાથે સ્વચ્છતાના પખવાડિયાના તહેવારની ઉજવણી કરી રહ્યો છે. સામૂહિક રીતે એકતા અને દ્રઢતાનું પ્રદર્શન કરતા અને પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના સ્વચ્છતા માટેના આહ્વાનમાંથી પ્રેરણા લઈને છેલ્લા ૧૪ દિવસમાં અત્યાર સુધીમાં ૩૨ કરોડથી વધુ લોકોએ રાષ્ટ્રવ્યાપી અભિયાનમાં ભાગ લીધો છે, જેમાં દેશભરમાં દરરોજ સરેરાશ ૨.૩ કરોડ લોકો ભાગ લે છે. આ 'જન આંદોલન' દેશ માટે પુષ્કળ પરિણામો હાંસલ કરી રહ્યું છે, જેમાં ભારતનાં ૭૫ ટકા ગામડાંઓને ઓડીએફ પ્લસ તરીકે જાહેર કરવાં સામેલ છે, એટલે કે, ઘન કે પ્રવાહી કચરાના વ્યવસ્થાપન માટે વ્યવસ્થા કરવાની સાથે સાથે ગામડાંઓને ખુલ્લામાં શૌચમુક્તનો દરજ્જો જાળવી રાખવાનો પણ સમાવેશ થાય છે. તે સમુદાયો અને સરકારની સ્વચ્છતા અને સ્વચ્છતા પ્રત્યેની અવિરત પ્રતિબદ્ધતાને પણ પ્રકાશિત કરે છે.

આ વર્ષના આ અભિયાનમાં મોટી સંખ્યામાં ભાગીદારી જોવા મળી રહી છે, જેમાં દેશભરમાંથી અત્યાર સુધીમાં માત્ર ૧૪ દિવસમાં ૩૨ કરોડથી વધુ લોકો જોડાયા છે, જેમાં દરરોજ સરેરાશ ૨.૩ કરોડ લોકો ભાગ લે છે. તેમાંથી લગભગ ૧૫ કરોડ નાગરિકોએ શ્રમદાનમાં સક્રિયપણે ભાગ લીધો હતો અને ૩.૬૮ લાખ એસબીએમ પ્રવૃત્તિઓમાં સ્વૈચ્છિક શ્રમનું યોગદાન આપ્યું હતું. આ પ્રયાસોમાં આશરે ૫૩૦૦ દરિયાકિનારાઓની સફાઈ, ૪૩૦૦ નદીકિનારા અને દરિયાકિનારાઓને પુનર્જીવિત કરવા, ૧૦,૭૦૦થી વધારે વારસાગત કચરાના સ્થળોને ફરીથી પ્રાપ્ત કરવા, ૨૪૦૦ પ્રવાસન અને આઈકોનિક સ્થળોને સુધારવા અને ૯૩,૦૦૦થી વધારે જાહેર સ્થળોને પુનઃસ્થાપિત કરવાની બાબત સામેલ છે. આ ઉપરાંત, ૧૨,૦૦૦ થી વધુ જળાશયોની સફાઈ કરવામાં આવી છે, ૬૦,૦૦૦ થી વધુ સંસ્થાકીય ઈમારતોને પુનર્જીવિત કરવામાં આવી છે, અને લગભગ ૪૭,૦૦૦ કચરા-સંવેદનશીલ સ્થળોની સફાઈ કરવામાં આવી છે. આ સંખ્યાઓ ઝડપી પરિવર્તન લાવવા માટે અવિરત સમર્પણ અને 'જન આંદોલન' ની શક્તિને પ્રતિબિંબિત કરે છે. આ વર્ષની ઉજવણીનું સમાપન તા.૧ ઓક્ટોબરના રોજ થશે જ્યારે સમગ્ર સરકાર તેમજ દેશના નાગરિકો 'એક તારીખ એક ઘંટા એક સાથ'ના ભાગરૂપે વિવિધ સ્થળોએ સ્વચ્છતા અભિયાન હાથ ધરવા માટે સહયોગ આપશે ત્યારે સવારે ૧૦ વાગ્યે નાગરિકોના નેતૃત્વમાં 'શ્રમદાન ફોર સ્વચ્છતા' માટે રાષ્ટ્રીય આહવાન અપાયું છે. પ્રધાનમંત્રીનું આ આહ્વાન, સમાજનાં તમામ પાસાંઓમાં સ્વચ્છતાનાં મહત્ત્વને રેખાંકિત કરે છે. પ્રધાનમંત્રીએ 'મન કી બાત'માં ૧૦ વાગે સ્વચ્છતા માટે ૧ કલાક શ્રમદાન માટે અપીલ કરીજં તમામ નાગરિકો દ્વારા સામૂહિક રીતે પહેલી ઓક્ટોબર એ બાપુની જયંતીની

# જવાહરલાલ નહીં સુભાષચંદ્ર દેશના પહેલા વડાપ્રધાન હતા: બાસનગૌડા



બેંગલુરૂ, તા.૩૦

ભાજપના ધારાસભ્યના નિવેદન બાદ કર્ણાટકમાં રાજકારણ ગરમાયું છે. રેલ્વે અને ટેક્સટાઈલના પૂર્વ રાજ્ય મંત્રી અને ભાજપના ધારાસભ્ય બાસનગૌડા પાટીલ યતનાલે કહ્યું કે જવાહરલાલ નેહરુ ભારતના પહેલા વડાપ્રધાન ન હતા પરંતુ સુભાષ ચંદ્ર બોઝ દેશના પ્રથમ વડાપ્રધાન હતા. કર્ણાટકમાં એક જનસભાને સંબોધિત કરતી વખતે ભાજપના ધારાસભ્યએ આ નિવેદન આપ્યું હતું. અહેવાલ મુજબ કર્ણાટકમાં એક જાહેર સભાને સંબોધતા બાસનગૌડા પાટીલ યતનાલે કહ્યું કે બાબા સાહેબે તેમના પુસ્તકમાં લખ્યું છે કે અમને ભૂખ હડતાળના કારણે આઝાદી મળી નથી પરંતુ એટલા માટે મળી હતી કેમ કે આપણે કહ્યું હતું કે એક ગાલ પર લાફો મારશો તો બીજો આગળ કરીશું. આપણને સુભાષ ચંદ્ર બોઝના ડરથી આઝાદી મળી હતી. બાસનગૌડા પાટીલ યતનાલે વધુમાં કહ્યું કે અંગ્રેજો દ્વારા ભારત છોડવાનું કારણ સુભાષ ચંદ્ર બોઝ હતા. તેમણે કહ્યું કે અંગ્રેજોએ બીજા વિશ્વયુદ્ધ પછી ભારત છોડી દીધું હતું, તે સમયે દેશના કેટલાક ભાગોમાં આઝાદીની ઘોષણા કરવામાં આવી હતી, તે જ સમયે સુભાષ ચંદ્ર બોઝ દેશના પ્રથમ વડાપ્રધાન હતા. તેમની પાસે પોતાનું ચલણ, ધ્વજ અને રાષ્ટ્રગીત હતું. આ જ કારણ છે કે પીએમ મોદીએ પણ કહ્યું છે કે દેશના પહેલા વડાપ્રધાન જવાહરલાલ નેહરુ નહીં પરંતુ સુભાષ ચંદ્ર બોઝ હતા. આ પહેલી વાર નથી જ્યારે બાસનગૌડા પાટીલ યતનાલે આ પ્રકારનું વિવાદાસ્પદ નિવેદન આપ્યું હોય. અગાઉ ઓગસ્ટ મહિનામાં તેમણે કહ્યું હતું કે કોંગ્રેસ સરકાર છ-સાત મહિનામાં પડી જશે. એટલું જ નહીં, આ પાછળ તેમણે કોંગ્રેસમાં આંતરિક વિવાદને કારણ ગણાવ્યું હતું.

## ભારત લદ્દાખમાં ખુદને મજબૂત કરવા માગે છે

# ભારતે દોલત બેગ ઓલ્ડી સુધી નવો રોડ બનાવવા ૨૦૦૦ લોકોને કામે લગાડ્યા

નવીદિલ્હી, તા.૩૦

ભારત લદાખમાં ખુદને મજબૂત કરવા માગે છે. એટલા માટે તે વાસ્તવિક નિયંત્રણ રેખા (એલએસી) નજીક વ્યૂહાત્મક રીતે મહત્ત્વપૂર્ણ ચોકી તૈયાર કરવાના પ્રોજેક્ટનો પૂરો કરવાના પ્રયાસ કરી રહ્યું છે. તેની મદદથી એલએસી પર આવેલા આ વિસ્તારની કનેક્ટિવિટી વધી જશે. ખરેખર ભારત દોલત બેગ ઓલ્ડી સુધી એક નવો રોડ બનાવી રહ્યું છે જે દેશનું સૌથી ઉત્તરી મિલિટ્રી બેઝ છે. અહેવાલ



અનુસાર ચીન આ વિસ્તારમાં તેની ધાક જમાવવા પ્રયાસ કરી રહ્યું છે. એ વાતોને જ ધ્યાનમાં રાખી નવા રોડનું નિર્માણ થઈ રહ્યું છે. એકવાર રોડ બનીને તૈયાર થઈ જશે તો સૈનિકો, હથિયારો અને લોજિસ્ટિક્સને સરળતાથી ફ્રન્ટલાઈન સુધી પહોંચાડી શકાશે. આ નવા રોડની ખાસિયત એ છે કે તેને એલએસીની બીજી તરફથી જોઈ શકાતો નથી. આ રોડ એલએસીથી ઘણો દૂર પણ છે એટલા માટે હુમલાનો ખતરો ઓછો છે. નુબ્રા ખીણમાં સસોમાથી કારાકોરમ પાસથી નજીક ડીબીઓ સુધી ૧૩૦ કિમી લાંબો રોડ અંતિમ અને સૌથી પડકારજનક તબક્કામાં દૌલત બેગ ઓલ્ડી રોડ નવેમ્બરના અંત સુધીમાં સૈન્યને લગતી પ્રવૃત્તિઓ માટે તૈયાર થઈ જશે. એક વર્ષમાં તે સંપૂર્ણપણે ઓપરેશન થઈ જશે. આ રોડના નિર્માણ માટે આશરે ૨૦૦૦ લોકો કામ કરી રહ્યા છે. રોડની લંબાઈ ૧૩૦ કિલોમીટર છે. નુબ્રા ખીણમાં સસોમાથી કારાકોરમ પાસથી નજીક ડીબીઓ સુધી ૧૩૦ કિ.મી. લાંબો રોડ અંતિમ અને સૌથી પડકારજનક તબક્કામાં છે.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

## તંત્રી લેખ

# ચીનની વધુ એક અવળ ચંડાઈ સામે આવી

ચીનપોતાની હલકી રમત છોડતું નથી. તે રહી રહીને ભારતને પરેશાન કરવા માટે કોઈને કોઈ કરતૂત કરતું રહે છે. પહેલા કેટલાક ખેલાડીઓને સ્પેશ્યલ વિઝા જારી કર્યા બાદ હવે તેણે અરૂણાચલ પ્રદેશના ત્રણ ખેલાડીઓને ૧૯મી એશિયન ગેમ્સમાં ભાગ લેવા માટે દેશમાં એન્ટ્રી પર રોક લગાવી દીધી છે. ત્રણેય ખેલાડીઓના નામ ન્યેમાન વાંગ્સૂ, ઓનિલુ તેગા અને મેપુંગ લામ્ગુ છે. એશિયન ગેમ્સ ૨૦૨૩ની ઈવન્ટ કમિટીએ તેમને રમતમાં ભાગ લેવાની મંજૂરી આપી દીધી હતી. બે એથ્લીટ પોતાના એક્રેડેશન કાર્ડ ડાઉનલોડ ન કરી શક્યા, જે ચીનમાં એન્ટ્રી માટે વિઝા રૂપે કામ કરતા. ત્રીજા એથ્લીટને એક્રેડેશન કાર્ડ મળી ગયું હતું. બાદમાં ચીન દ્વારા જણાવાયું કે તેને હોંગકોંગથી આગળ યાત્રા કરવાની અનુમતિ નથી. એશિયન ગેમ્સમાં વુશૂ ઈવન્ટ ૨૪ સપ્ટેમ્બરથી શરૂ થાય છે. ત્રણેય ખેલાડીઓએ ૨૪સપ્ટેમ્બર સુધી હાંગઝોઉમાં રહેવાનું હતું, પરંતુ વિઝામાં વિલંબ થવાને કારણે તેમણે એશિયન ગેમ્સથી બહાર થવું પડ્યું. વુશૂ ટીમના બાકી પ્લેયર ચીન માટે રવાના થઈ ગયા છે. ભારતે ચીનના આ પગલાનો વિરોધ કર્યો. વિદેશમંત્રાલયે કહ્યું કે ભારતીય નાગરિકો પ્રત્યે ચીનના ભેદભાવપૂર્ણની અમે ટીકા કરીએ છીએ. ચીનની કાર્યવાહી એશિયન ગેમ્સની ભાવના, ઈવન્ટના નિયમોનું ઉલ્લંઘન છે. આ તરફ કેન્દ્રીય મંત્રી અનુરાગ ઠાકુરે એશિયન ગેમ્સમાં સામેલ થવા માટે પોતાનો ચીન પ્રવાસ રદ કરી દીધો છે.

આ પહેલી વાર નથી કે ચીને આવી હરકત કરી હોય, તે વારે-તહેવારે આવું કરે છે. તેનો હરસંભવ પ્રયાસ હોય છે કે કોઈક રીતે ભારતને ટેન્શનમાં રાખવું. આ પહેલાં તેણે એપ્રિલ ૨૦૨૩માં પોતાના નકશામા 'અરુણાચલ પ્રદેશની ૧૧ જગ્યાઓનાં નામ બદલી નાખ્યાં હતાં. એવું છેલ્લા પાંચ વર્ષમાં ત્રીજી વખત કર્યું છે. આ પહેલાં ૨૦૨૧માં ચીને ૧૫ જગ્યાઓ અને ૨૦૧૭માં ૬ જગ્યાઓનાં નામ બદલી નાખ્યાં હતાં. ભારતમાં આયોજિત જી-૨૦ બાદ તો તે વધુ ગિન્નાયું છે. આ સંમેલનમાં ઈન્ડિયા-મિડલ ઈસ્ટ-યુરોપ ઈકોનોમિક કોરિડોર બનાવવાની જાહેરાત કરવામાં આવી. ભારત, યુએઈ, સઉદી અરબ, અમેરિકા, ફ્રાન્સ, જર્મની, ઈટલી અને યુરોપિયન યુનિયન સહિત કુલ ૮ દેશોના આ પ્રોજેક્ટનો ફાયદો ઈઝરાયલ અને જોર્ડનને પણ મળશે. મુંબઈથી શરૂ થનાર આ નવો કોરિડોર ૬ હજાર કિમી લાંબો હશે. તેમાં ૩૫૦૦ કિમી સમુદ્રી માર્ગ સામેલ છે. કોરિડોર બન્યા બાદ ભારતથી યુરોપ સુધી સામાન પહોંચાડવામાં લગભગ ૪૦ ટકા સમયની બચત થશે. હાલમાં ભારતથી કોઈ કાર્ગો જર્મની પહોંચવામાં ૩૬ દિવસ લાગે છે, આ રૂટથી ૧૪ દિવસની બચત થશે. યુરોપ સુધી સીધી પહોંચથી ભારત માટે આયાત-નિકાસ આસાન અને સસ્તી હશે. ચીનને લાગી રહ્યું છેકે જો આ કોરિડોર બની ગયો તો તેની અર્થવ્યવસ્થા પર ભારે પ્રહાર થશે અને ભારતના ઉત્પાદનોની સીધી પહોંચ દુનિયા સુધી થઈ જશે. અસલમાં ચીનની અર્થવ્યવસ્થા તેના સસ્તા ઉત્પાદનો પર ટકેલી છે, જેનાથી તેણે દુનિયાભરનાં બજારો ભરી દીધાં છે. એવા પણ આરોપ લાગી રહ્યા છે કે ઉત્પાદનોના સહારે ચીનનું જાસૂસી નેટવર્ક દુનિયામાં એટલું ફેલાઈ ગયું છે કે તે બ્રિટન જેવા દેશોના કરોડો લોકોની ખાનગી માહિતી ચપટીમાં હાંસલ કરી શકે છે. એનાથી દુનિયામાં ભયનો માહોલ છે. એવામાં જો ભારતનો સામાન આસાનીથી દુનિયાભરમાં પહોંચે તો ચીનને ધક્કો લાગવો નક્કી છે. એમ પણ બ્રિટિશ સહિત કેટલાય દેશોની સરકાર ચીન પ્રત્યે પોતાના નાગરિકોને ચેતવી ચૂકી છે. એવામાં ડ્રેગનનું ગિન્નાવું સ્વાભાવિક છે. ભારતે તેની હરકતો પર તીક્ષ્ણ નજર રાખવી પડશે.

## આપની આવતીકાલ કેવી જશે...?

**:: રત્નકણીકા ::**

જે પુરૂષની બુધ્ધિ સમ છે તે ઉત્તમ છે.

- શ્રીમદ્ ભાગવદ્ ગીતા

**: આજનું પંચાંગ :**

વિક્રમ સં. ૨૦૭૯, શા. શાકે. ૧૯૪૫, પા.અર્દીબહેસ્ત-૧૩૯૩, મુ. રબી-ઉલ્લ-અવ્વલ-૧૪૪૫, જૈન વીર સં.-૨૫૪૯, કચ્છી સં. ૨૦૮૦, ભાદરવા વદ-૧ ઈષ્ટી, દ્વિતિયા શ્રાધ્ધ, પંચક (રાત્રે ૯:૦૯ ક.થી સમાપ્ત) તા.૩૦ સપ્ટેમ્બર ૨૦૨૩, શનિવાર, પારસી તા.૧૬, મુસ્લિમ તા.૧૪, રેવતિ નક્ષત્ર, ધ્રુવ યોગ, તૈતિલ કરણ, સૂ.ઉ.૬:૪૩, સૂ.અ.૬:૩૯ આજનો દિવસ અશુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી મીન (દ ચ ઝ થ), રાત્રે ૯:૦૯ ક. પછી જન્મેલા બાળકની રાશી મેષ (અ લ ઈ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: ભાઈ-બહેનની મદદ મળે. વ્યર્થ ચિંતા દૂર થાય.
વૃષભ: નવિન ઓળખાણ થાય. પ્રિયજનથી વિરહ રહે.
મિથુન: મૂંઝવણમાંથી માર્ગ મળે. જીવનસાથી દ્વારા માન મેળવી શકશો.
કર્ક: કુટુંબમાં મતભેદ ઊભા થાય. નવિન જવાબદારી આવી પડે.
સિંહ: કુટુંબથી દૂર રહેવું પવડે. આકસ્મીક ધન લાભ મેળવી શકશો.
કન્યા: માનસિક અસ્વસ્થતા રહે. જીવનસાથી સાથે વિવાદ ઊભો થાય.
તુલા: આર્થિક લેવડ-દેવડમાં સંભાળવું. કોર્ટ-કચેરીના કાર્યમાં નિષ્ફળતા મળે.
વૃશ્ચિક: આરોગ્ય બાબતે સાવચેત રહેવું. આર્થિક મૂંઝવણ સતાવે.
ધન: પરિવારમાં યશ, વૃધ્ધિ રહે. માંગલિક પ્રસંગનું આયોજન થાય.
મકર: પ્રવાસમાં નિષ્ફળતા, કુટુંબજીવનનો સુખદ અનુભવ થાય.
કુંભ: મનમાં વ્યગ્રતા રહે. નાણાંકીય સમસ્યા હલ થાય.
મીન: માર્ગમાં અવરોધદૂર થાય. પરિશ્રમનો ભરપૂર લાભ ઉઠાવી શકશો.

### હજુ સુધી કોઈ પુરાવા નથી મળ્યા

# ભારત પર પાયાવિહોણા આરોપ મૂકીને ભરાયું કેનેડા

નવી દિલ્હી, તા.૩૦

ખાલિસ્તાની આતંકી હરદીપ સિંહ નિજ્જરના હત્યારાનેપકડવામાં અનેતેની હત્યામાં કોઈ ભારતીયની સંડોવણી સાબિત કરવામાં જસ્ટિન ટૂડોની સરકારને હજુ સુધી કોઈ સફળતા મળી નથી. કેનેડની ગુપ્તચર એજન્સી જૂનમાં થયેલા હત્યા પહેલા કે પછી પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે કેનેડાની અંદર કે બહાર ઉડાણ ભરનારા હરદીપ સિંહ નિજ્જરની હત્યા સંલગ્ન કોઈ પણ ભારતીય નાગરિકની ઓળખ કરી શકી નથી. સૂત્રોએ પુષ્ટિ કરી છે કે સરેની સ્થાનિક પોલીસ, રોયલ કેનેડિયન માઉન્ટેડ પોલીસ (RCMP) અને કેનેડિયન સિક્યુરિટી ઈન્ટેલિજન્સ સર્વિસ (CSIS) સાથે જોડાયેલા તપાસકર્તાઓએ મોટા પાયે એ જાણકારી મેળવવાની કોશિશ કરી કે શું ભારતીય મૂળના એજન્ટોએ ૧૮ જૂનની આજુબાજુ દેશની અંદર કે બહાર મુસાફરી કરી હતી પરંતુ આ કોશિશનો તેમનો કોઈ ફાયદો થઈ શક્યો નથી. કેનડિયન પોલીસને હજુ સુધી હત્યારાની શોધમાં કોઈ



સફળતા મળી શકી નથી. એવામાં આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે કે હત્યા બાદ હુમલાખોરો દેશ છોડીને ભાગી ગયા હશે. નિજ્જરની હત્યામાં કેનેડિયન પોલીસે બે સંદિગ્ધ વાહનોની પણ તપાસ કરી. જેમાંથી એક બળેલી કાર અને એક સિલ્વર ૨૦૦૮ ટોયોટા કેમરી છે. જે કથિત રીતે હત્યારાઓ દ્વારા ઉપયોગમાં લેવાઈ હતી. સૂત્રોએ જણાવ્યું કે હાલના દિવસોમાં વિસ્તારમાં ગેંગવોરમાં અનેક હત્યાઓ થઈ છે અને તેમાં હત્યા બાદ આ પ્રકારની કાળ બાળીને અપરાધીના ભાગવાનો સિલસિલો રહ્યો છે. અત્રે જણાવવાનું કે અમેરિકાના અખબાર વોશિંગ્ટન પોસ્ટના એક રિપોર્ટ મુજબ ખાલિસ્તાની આતંકી નિજ્જરના હત્યારાઓએ તેમના એક સહયોગી ઉપર પણ બંદૂક તાંકી હતી જેણે તેમનો પીછો કરવાની કોશિશ કરી હતી. આ ઉપરાંત નિજ્જરના પરિવારે પણ મીડિયામાં એવા અનેક નિવેદનો આપ્યા છે જેનાથી ખબર પડે છે કે તે કેનેડિયન સિક્યુરિટી ઈન્ટેલિજન્સ સર્વિસ સાથે ખુબ નજીકથી સંપર્કમાં હતો જોકે એ સ્પષ્ટ નથી કે તે ખબરી હતો કે નહીં. નોંધનીય છે કે કેનેડાના પ્રધાનમંત્રી જસ્ટિન ટ્રૂડોએ તાજેતરમાં જ કેનેડાની સંસદમાં ભારત પર એવો આરોપ લગાવીને ખળભળાટ મચાવી દીધો હતો કે ખાલિસ્તાન ટાઈગર ફોર્સના આતંકી અને કેનેડિયન નાગરિક નિજ્જરની હત્યામાં ભારતની સંડોવણીના નક્કર પુરાવા છે. નિજ્જરની ૧૮ જૂનના રોજ એક ગુરુદ્વારા પાસે હત્યા કરાઈ હતી. ટૂડોના આરોપ બાદ બંને દેશો વચ્ચે સંબંધો વણસી ગયા છે.

# ભારત-કેનેડા વિવાદ પાછળ સ્ટુડન્ટ લીડર્સની ગેંગવોર જવાબદાર છે

નવી દિલ્હી, તા.૩૦

ભારત અને કેનેડા વચ્ચે તાજેતરમાં જે વિવાદ થયો અને સંબંધો બગડ્યા તેની પાછળ યુનિવર્સિટીઓનું સ્ટુડન્ટ પોલિટિક્સ પણ જવાબદાર ગણી શકાય. અને તે પણ પંજાબ યુનિવર્સિટીનું સ્ટુડન્ટ પોલિટિક્સ. યુનિવર્સિટીઓના રાજકારણની વાત આવે ત્યારે લોકોને મોટા ભાગે દિલ્હી યુનિવર્સિટી અથવા જેએનયુ યાદ આવે છે. પરંતુ ભારત-કેનેડા વિવાદના મૂળ કદાચ પંજાબ યુનિવર્સિટીના રાજકારણમાં રહેલા છે. આખા ઝઘડાની શરૂઆત સ્ટુન્ડ ઓર્ગેનાઈઝેશન ઓફ પંજાબ યુનિવર્સિટી (SOPU)ને કન્ટ્રોલ કરવામાંથી થઈ અને તેમાં એક પછી એક હત્યાઓ થવા લાગી જેના કારણે ભારત અને કેનેડા વચ્ચે તણાવ પેદા થયો છે. ગયા અઠવાડિયે કેનેડાનો વિવાદ ચાલતો હતો ત્યારે કેટલાક હુમલાખોરો કેનેડાના વિનિપેગ ખાતે એક મકાનના બીજા માળે ઘુસી ગયા પહોંચી ગયા અને સુખા ડુનેક નામના ગેંગસ્ટરને ઠાર માર્યો. આ હત્યા કુખ્યાત ગેંગસ્ટર લોરેન્સ બિશ્નોઈના માણસોએ કરી હોવાની શક્યતા છે જે હાલમાં જેલમાં પૂરાયેલો છે. આ અગાઉ ૨૦૨૦માં પંજાબ યુનિવર્સિટીના સ્ટુડન્ટ સંગઠનના ભૂતપૂર્વ સ્ટેટ પ્રેસિડન્ટ ગુરલાર બ્રારની હત્યા થઈ હતી. ગુરલાર બ્રાર એ ગોલ્ડી બ્રારનો નાનો ભાઈ થાય છે. ગોલ્ડી અત્યાર સુધી ફરાર હતો અને હવે કેનેડામાં રહીને ગેંગ ચલાવે છે. ગુરલાર બ્રારની હત્યા થઈ ત્યારથી લોરેન્સ બિશ્નોઈ અને સુખા ડુનેક વચ્ચે ગળાકાપ દુશ્મની ચાલતી હતી. અસલમાં લોરેન્સ બિશ્નોઈ અને બીજા એક ગેંગસ્ટર દેવિન્દર બાંમ્બીહા વચ્ચે ભયંકર દુશ્મની છે જેના કારણે પંજાબ, હરિયાણા, ચંદીગઢ અને દિલ્હી-NCRમાં હત્યાઓ થઈ છે. પંજાબ યુનિવર્સિટીમાં સ્ટુડન્ટ યુનિયનની ચૂંટણી થઈ તેમાં આ દુશ્મનીના બીજ રોપાયા હતા. આ ચૂંટણીમાં બિશ્નોઈનો ઉમેદવાર ચૂંટણી લડ્યો હતો અને નજીવા માર્જિનથી હારી ગયો હતો. તેના પછી બદલો લેવા માટે એક પછી એક હત્યાઓ થવા લાગી. પંજાબ-હરિયાણામાં હત્યાઓ અને ખંડણી ઉઘરાવવાનું કામ કરતા ગેંગસ્ટરો હવે તો કેનેડાથી પણ કામ કરવા લાગ્યા છે. કેનેડા ઘણા સમયથી ખાલિસ્તાન તરફી કટ્ટરવાદીઓનું ગઢ બની ગયું છે અને તેમાં હવે ઉત્તર ભારતના સ્ટુડન્ટ પોલિટિક્સના ગુંડાઓ પણ સક્રિય બન્યા છે. અગાઉ આ માફિયાઓ પંજાબ, હરિયાણા, રાજસ્થાન અને દિલ્હી-એનસીઆર પૂરતા સક્રિય હતા. પરંતુ હવે ઈન્ટરનેશનલ સ્તરે પણ ગેંગ ચલાવે છે અને હત્યાઓ કરે છે. કેનેડામાં ગયા સપ્તાહમાં થયેલી સુખ્ખા નામના ગેંગસ્ટરની હત્યા આ ગેંગવોરનું જ પરિણામ હતી. કેનેડામાં તાજેતરમાં જે ગેંગવોરમાં હત્યાઓ થઈ તેના મૂળ મોટા ભાગે લોરેન્સ બિશ્નોઈ અને દેવિન્દર બાંમ્બીહાની ગેંગ સાથે સંકળાયેલા છે. લોરેન્સ બિશ્નોઈ ૨૦૧૦માં ચંદીગઢની DAV કોલેજમાં ભણતો હતો. ૨૦૧૧માં અકાલી દળના નેતા વિક્રમજિત સિંહ ઉર્ફે વિક્કીની હાજરીમાં બિશ્નોઈને આ કોલેજનો SOPUનો પ્રેસિડન્ટ જાહેર કરાયો હતો. જોકે, દેવિન્દર બાંમ્બીહાને આ ગમ્યું નહતું. તેથી બિશ્નોઈએ ગેંગસ્ટર જગ્ગુ ભગવાનપુરિયા અને રોકી ફઝિલકાની મદદ લીધી. લોરેન્સ બિશ્નોઈના જીવનમાં આ એક ટર્નિંગ પોઈન્ટ હતો તેમ કહી શકાય. આ સાથે જ પંજાબનું સ્ટુડન્ટ પોલિટિક્સ પણ બદલાઈ ગયું ગુંડાઓ બેફામ બન્યા. ૨૦૧૦થી ૨૦૧૭ વચ્ચે પંજાબ, ચંદીગઢ, હરિયાણા અને રાજસ્થાનમાં લોરેન્સ બિશ્નોઈ સામે લગભગ ત્રણ ડઝન જેટલા ગંભીર કેસ નોંધાયા હતા. આ દરમિયાન બિશ્નોઈ ક્રાઈમની દુનિયામાં પોતાનું સ્થાન મજબૂત બનાવી રહ્યો હતો.

# ૭૦૦ વર્ષથી જ્વાળામુખીની પાસે બેઠા છે ભગવાન ગણેશ!

જાકાર્તા, તા.૩૦

દેશભરમાં ગણેશ મહોત્સવની ધામધૂમપૂર્વક ઉજવણી કરવામાં આવી રહી છે. આ શુભ અવસર પર નેતાથી લઈને અભિનેતા બધા બાપ્પાની ભક્તિમાં ડૂબેલા છે. સામાન્ય લોકો પણ ભક્તિભાવથી ગણપતિ બાપ્પાની પૂજા કરી રહ્યાં છે. દેશમાં તમામ જગ્યાએ આ ઉત્સવ ચાલી રહ્યો છે. બોલીવુડ સેલિબ્રિટીઓથી લઈને ઉદ્યોગપતિ મુકેશ અંબાણીના ઘરે પણ ગણપતિ બાપ્પાની સ્થાપના કરવામાં આવે છે. આ વચ્ચે તમને ગણપતિના એક એવા મહિમા વિશે જણાવી રહ્યાં છીએ, જેનાથી ઘણા લોકો અજાણ છે. તમે ભારતના પ્રસિદ્ધ ગણેશ મંદિરોની



પરિક્રમા કરતા ગજાનનના ઘણા રૂપોના દર્શન કર્યા હશે. મુંબઈના સિદ્ધિવિનાયકથી લઈને પુણેના મયૂરેશ્વર અને સવાઈમાધોપુરના ત્રિનેત્ર ગણપતિથી લઈને જયપુરના મોતીડુંગરીના ગણેશ જીનો મહિમા તમે સાંભળ્યો હશે. પરંતુ શું તમે કોઈ એવા મંદિર કે જગ્યા વિશે સાંભળ્યું છે જ્યાં એક સક્રિય જ્વાળામુખીના મોઢા પર છે. જો નહીં તો અમે તમને જણાવી દઈએ કે ઈન્ડોનેશિયામાં ૭૦૦ વર્ષ જૂની ગણેશની એક પ્રતિમા જ્વાળામુખીના મોઢા પર બિરાજમાન છે. અહીં દર વર્ષે હજારો શ્રદ્ધાળુ ગણપતિના દર્શન કરવા આવે છે. આ પ્રતિમા વિદેશી પ્રવાસીઓની જિજ્ઞાસાનું પણ પ્રતિક છે. જ્વાળામુખીના મુખ પર સ્થિત આ પ્રતિમા એવું લાગે છે કે જાણે ભગવાન ગણેશ સ્વયં જ્વાળામુખીથી લોકોની રક્ષા કરી રહ્યા હોય. તમને જણાવી દઈએ કે, જ્વાળામુખીની નજીક રહેતા લોકોને તાનાગર કહેવામાં આવે છે, આ લોકો પોતાની મૂર્તિની સાથે ભગવાન ગણેશની આ મૂર્તિની દરરોજ પૂજા પણ કરે છે. ઈન્ડોનેશિયન ડોટ કોમમાં પ્રકાશિત એક રિપોર્ટ પ્રમાણે કેટલાક લોકો તેને સ્વયંભૂ સ્થાપિત મૂર્તિ ગણાવે છે તો કેટલાક તેને ઈન્ડોનેશિયાના નિવાસિઓના પૂર્વજોના પૂજા-પાઠથી જોડીને જુએ છે. આ મૂર્તિ જે પર્વત પર સ્થાપિત છે, તેનું નામ માઉન્ટ બ્રોમો છે, જેની ગણના દેશના પવિત્ર સ્થળોમાં થાય છે.

## શ્રાદ્ધનો વેદોમાં પણ ઉલ્લેખ છે

શ્રાદ્ધનો ઉલ્લેખ વેદોમાં પણ જોવા મળે છે. યજુર્વેદમાં એક સ્થળે ઉલ્લેખ આવે છે, હે અગ્નિ! અમારા શ્રેષ્ઠ સનાતન યજ્ઞને સંપન કરનારા પિતૃઓએ દેહાંત બાદ શ્રેષ્ઠ ઐશ્વર્ય વાળા સ્વર્ગને પ્રાપ્ત કર્યું છે ,તેવી જ રીતે અમે પણ યજ્ઞોમાં આ ઋચાઓનો પાઠ કરતા કરતા ઐશ્વર્યવાન સ્વર્ગને પ્રાપ્ત કરીએ. અથર્વવેદમાં શ્રાદ્ધ કર્મ કરવાનો ઉલ્લેખ જોવા મળે છે કે, જ્યારે સૂર્ય-ચંદ્ર સાથે હોય તે તિથિને અમાવસ્યા તરીકે ઓળખવામાં આવે છે. તે અમાવસ્યા હું છું. મારામાં બધા જ સાધ્ય ગણ, પિતૃ વિશેષ અને ઈન્દ્રપ્રભુજી દેવતા એકઠા થાય છે. માસની પૂર્ણતા પર ( અમાસના દિવસે ) ભવિષ્યનું સેવન કરવા આપ અમારા ઘરે પુનઃ પધારો.

'સર્વાસ્તા આવે યુધ્યે સ્વર્ગઃ। ષષ્ટ્યા શરત્સઉ નિધિપા અભીચ્છાત્ ॥ અથર્વવેદ ૧૨/૩/૪૧.

અર્થાત શરદઋતુમાં છઠ્ઠી સંક્રાતિ કન્યાર્કમા જો અભીપ્સિત્ વસ્તુઓ પિતૃઓને અર્પણ કરવામાં આવે તે બધી જ સ્વર્ગનું સુખ આપનાર સાબિત થાય છે.

યેનઃ પીતુઃ પિતરો યે પિતા મહા। તેભ્યઃ પિતૃભ્યો નમસા વિધેમ ॥

અર્થાત પિતૃ, પિતામહ અને પ્રપિતામહો ને અમે શ્રદ્ધાથી તૃપ્ત કરીએ છીએ અને નમન કરવા ની સાથે સાથે પૂજા અર્ચના કરીએ છીએ. આ પ્રમાણે વેદોમાં પણ પિતૃ યજ્ઞના સંપૂર્ણ વિધાનની મહત્તા અને દિવ્યતાનું વર્ણન જોવા મળે છે.

શ્રાદ્ધ- સરિતા

-દેવેન કનકચંદ્ર વ્યાસ

# શ્રાદ્ધનો મહિમા

દર વર્ષે ભાદરવા મહિનામાં શ્રાદ્ધ પક્ષ આવે છે. શ્રાદ્ધ પક્ષને શરાદીયાં અથવા પિતૃપક્ષ તરીકે પણ ઓળખવામાં આવે છે. જેમનાં પિતૃઓ કૈલાસવાસી થયાં હોય, એ સહુનાં આત્માની શાંતિ માટે,આ માસમાં પૂજાવિધિ, શ્રાદ્ધ, તર્પણ, દાન પુણ્ય, ધર્મકાર્ય, તથા પિંડદાન વિગેરે વિધિવત કરવામાં આવે છે.એવું કહેવાય છે કે, પિતૃઓ દર મહિને સુક્ષ્મસ્વરૂપે, પોતાના સંતાનો પાસે પિંડદાન લેવા માટે આવે છે, પરંતુ શ્રાદ્ધ પક્ષમાં તો પિતૃઓ અચૂક પિંડદાન લેવા માટે આવે છે, એવું આપણાં શાસ્ત્રોમાં તથા ધાર્મિક પુસ્તકોમાં લખેલું છે. શ્રાદ્ધ પક્ષમાં પિતૃઓ પિંડદાન લઈને તૃપ્ત થાય છે અને પોતાનાં સંતાનોને આશીર્વાદ આપે છે. "શ્રાદ્ધ એટલે મન, વચન તથા શ્રદ્ધાપૂર્વક, પોતાનાં પિતૃઓની તૃપ્તિઅને શાંતિ માટે કરવામાં આવતું શુભકામ". ઘણાં લોકોની માન્યતા એવી પણ છે કે કોઈ કારણસર પોતાનાં પિતૃઓની દુર્ગતિ થઈ હોય તો શ્રાદ્ધ પક્ષમાં ભક્તિભાવપૂર્વક અને શ્રદ્ધાથી એમનાં પિતૃઓનું શ્રાદ્ધ, પિંડદાન કે તર્પણ કરવામાં આવે તો એમનાં પિતૃઓની સદ્ગતિ થાય છે.

શ્રાદ્ધ કુલ ૧૫ દિવસનાં હોય છે. ભાદરવા વદ એકમથી લઈને ભાદરવા વદ અમાસ સુધીના સમયને શ્રાદ્ધ પક્ષ, શ્રાદ્ધ કે શરાધિયાં કહેવામાં આવે છે.શ્રાદ્ધ અલગ અલગ પ્રકારનાં હોય છે, જેમકે નાંદી શ્રાદ્ધ, જેમનાં સંતાનો બાલ્યાવસ્થામાં શ્રીજી ચરણ પામ્યા હોય તેઓનાં આત્માની શાંતિ માટે બાલાભોલાનું શ્રાદ્ધ, નોમના શ્રાદ્ધને ડોશીઓનાં નોમનું શ્રાદ્ધ કહેવામાં આવે છે. આ ઉપરાંત, પાંચમના શ્રાદ્ધને ભરણી શ્રાદ્ધ, છઠ્ઠના શ્રાદ્ધને કૃતિકા શ્રાદ્ધ કહેવામાં આવે છે.બારસના શ્રાદ્ધને સંન્યાસીઓના શ્રાદ્ધ તરીકે ઓળખવામાં આવે છે. તેરસના શ્રાદ્ધને મઘા શ્રાદ્ધ કહેવામાં આવે છે. અકસ્માત કે અસ્ત્ર શસ્ત્રથી મૃત્યુંપામેલાઓ માટે ચૌદશનું શ્રાદ્ધ અને છેલ્લે જાણે અજાણે કે ભુલેચૂકે કોઈના પણ પિતૃઓનું શ્રાદ્ધ કરવાનું નથી રહી ગયું હોય તો તેમને માટે સર્વપિતૃ અમાવસનું શ્રાદ્ધ કરવામાં આવે છે. શ્રાદ્ધ પક્ષમાં લોકો પોતાનાં પિતૃઓની મનપસંદ રસોઈ બનાવે છે, પરંતુ ખાસ કરીને ખીર, દૂધપાક, પુરી તથા ભજિયાં વિશેષ પ્રમાણમાં બનાવે છે. જેમનાં ઘરે પોતાના પિતૃઓનું શ્રાદ્ધ હોય તે દિવસે ઘરનાં સભ્યો વ્હેલા ઉઠી નાહી પરવારીને પૂજાપાઠ કરે છે અને તૈયાર થયેલ રસોઈમાંથી એક વાટકી કે ડીશ માં બધી રસોઈ થોડી થોડી મૂકીને અગાસી કે ધાબા ઉપર જઈને "કાગવાસ કાગવાસ" એમ બોલીને વાસ નાંખે છે અને કાગડાઓ આવીને આ વાસ આરોગે છે. લોકોની દૃઢ માન્યતા છે કે કાગડાના માધ્યમ થકી, શ્રાદ્ધ પક્ષમાં નાંખેલી વાસ એમનાં પિતૃઓ સુધી પહોંચે છે અને પિતૃઓ તૃપ્ત થઈને આશિષ આપે છે.હકીકતમાં આ કુદરતનો કરિશ્મા છે, કારણકે સામાન્ય દિવસોમાં આપણે સૌ કાગડાને અપશુકનિયાળ પક્ષી ગણીને ધિક્કારીએ છીએ અને તેનો કર્કશ અવાજ પણ આપણાંને બેચેન બનાવે છે. ખરેખર તો કાગડો એ કુદરતનો સફાઈ સેવક છે. આખું વર્ષ કાગડો માનવ વસ્તીની ગંદકી સાફ કરીને, વધેલું ઘટેલું કે એંઠવાડ આરોગીને ગંદકી, કોહવાટ કે સડો થતો અટકાવે છે. મરેલાં પશુ પક્ષીઓનાં મૃતદેહને પણ કાગડાઓ ફોલીને ખાઈ જાય છે. આમ આડકતરી રીતે કાગડાઓ સફાઈ કામ અને પર્યાવરણની જાળવણીમાં મદદરૂપ બને છે.કાગડાઓના ગુરૂ શ્રી કાકભુસુંડીજી એ ભગવાન સાથે બહુ તાર્કિક દલીલો કરી અને જણાવ્યું કે મારા હાથ નીચેની કાગસેનાને પણ ક્યારેક તો સારી વસ્તુ ખાવાનાં અભરખા જાગે કે નહીં? કાકભુસુંડીની દલીલોથી રાજી થઈને ભગવાને જણાવ્યું કે મને તમારી કાગસેના આખું વર્ષ પર્યાવરણ જાળવવામાં આડકતરી રીતે મદદરૂપ થાય છે એના ફળસ્વરૂપે,દર વર્ષે ભાદરવા મહિનામાં શ્રાદ્ધ પક્ષમાં પંદર દિવસ સુધી, જે માનવ સમૂદાય કાગસેનાને ધિક્કારે છે એજ માનવ સમૂદાય હોંશે હોંશે તમારી કાગસેનાને સામે ચાલીને અને આહવાન આપીને કાગવાસના રૂપમાં સારી સારી વાનગીઓ જમાડશે. માટે દર વર્ષે આપણે શ્રાદ્ધ પક્ષમાં આપણાં પિતૃઓનાં આત્માની શાંતિ માટે કાગવાસ નાંખીએ છીએ.આમ કુદરતે મનુષ્યને હાથો બનાવીને, કાગસેનાને વર્ષમાં એક વખત સારૂં જમવાનું મળી રહે એવી વ્યવસ્થા કરીને કાગડાઓ પ્રત્યેનું ઋણ ચૂકવી દીધું છે.

ભગવાન રામચંદ્રે પણ વનવાસ દરમિયાન એમના મૃત પિતા રાજા દશરથનું શ્રાદ્ધ કર્યું હતું. મુનિશ્રેષ્ઠ પરશુરામે પણ એમના દિવંગત પિતા શ્રી જમદગ્નિ મુનિના આત્માની શાંતિ માટે શ્રાદ્ધ કર્યાના દાખલા શાસ્ત્રોમાં ઉપલબ્ધ છે.આમ શ્રાદ્ધ કરવાની પરંપરા વર્ષો પુરાણી છે. સામાન્ય રીતે શ્રાદ્ધ નદીના કિનારે અથવા ત્રિવેણી સંગમ પાસે કરવાનો અનેરો મહિમા છે.માતાનું શ્રાદ્ધ ગુજરાતમાં આવેલા સિદ્ધપુર ખાતે તથા પિતાનું શ્રાદ્ધ બિહારમાં આવેલા ગયાજીમાં કરવાનો અનોખો મહિમા છે.આ ઉપરાંત નર્મદા કિનારે (ચાણોદ), કરનાળી ખાતે, કાશી, હરિદ્વારમાં ગંગા કિનારે, રાજસ્થાનમાં પુષ્કર ખાતે, કચ્છમાં નારાયણ સરોવર ખાતે, મથુરામાં યમુના કિનારે વિશ્રામ ઘાટ ખાતે શ્રાદ્ધ કરવાથી પિતૃઓના આતમને પરમ શાંતિ પ્રાપ્ત થાય છે. માત પિતા કે વડીલોનું શ્રાદ્ધ કરવું એ દરેક સંતાનોની ફરજમાં આવે છે. શ્રાદ્ધ પક્ષમાં કોઈ શુભ કાર્ય થઈ શકતું નથી. શ્રાદ્ધ પક્ષમાં ડુંગળી તથા લસણ જેવા તામસી ગુણધર્મ ધરાવતા કંદમૂળ ખાવા ઉપર નિષેધ છે. શ્રાદ્ધ પક્ષમાં પિતૃઓના આશીર્વાદ લેવા માટે પિતૃઓનું ભક્તિભાવપૂર્વક આહવાન કરી એમનું શ્રાદ્ધ, તર્પણ અને પિંડદાન કરી બ્રાહ્મણોને જમાડી દાન દક્ષિણા આપવી જોઈએ.પિતૃઓની છબી સમક્ષ ધૂપ, દીપ અને અગરબત્તી કરી પ્રાર્થનાપૂર્વક નમસ્કાર કરવા જોઈએ.ટૂંકમાં શ્રાદ્ધ એટલે મન, વચન તથા શ્રદ્ધાપૂર્વક પોતાનાં પિતૃઓના આત્માની શાંતિ માટે કરવામાં આવતું ધાર્મિક કાર્ય.

- યોગેશભાઈ આર જોશી

# દેશમાં ૨૦૭૦ સુધી શૂન્ય કાર્બન ઉત્સર્જનના રાષ્ટ્રીય લક્ષ્યોને હાંસલ કરવાનો લક્ષ્યાંક

ગાંધીનગર, તા.૩૦

ગુજરાત રાજય વન અને પર્યાવરણ વિભાગ, તેમજ વન અને આબોહવા પરિવર્તન મંત્રાલયના સંયુક્ત ઉપક્રમે ગાંધીનગર ખાતે ભારતીય વન સંશોધનઅનેશિક્ષણ પરિષદદ્વારા કાર્બન ક્રેડિટ અને માન્યતા પ્રાપ્ત વળતર વનીકરણને બદલતા કાયદાકીય દ્રષ્ટિકોણ હેઠળ સ્વીકારવાના હેતુથી વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વર્કશોપમાં અગ્ર મુખ્ય વન સંરક્ષક અને હેડ ઓફ ધ ફોરેસ્ટ ફોર્સ, એસ.કે. ચતુર્વેદીએ વર્કશોપ ખુલ્લો મૂક્તા જણાવ્યુંહતું કે, વૃક્ષારોપણ કાર્બન ઉત્સર્જનને નાથવા મહત્વની ભૂમિકા ભજવે છે. કેન્દ્ર સરકારના વન સંરક્ષણ અધિનિયમનો લક્ષ્યાંક ૨૦૭૦ સુધી શૂન્ય ઉત્સર્જનના રાષ્ટ્રીય લક્ષ્યોનેહાંસલકરવાનો છે.તેમણે વધુમાં જણાવ્યું હતું કે,આ અધિનિયમ હેઠળ કરવામાં આવેલા સુધારાઓ જન ભાગીદારી થકી સામાજિક અને આર્થિક વિકાસને પ્રોત્સાહન આપી જંગલોની ઉત્પાદકતામાં વધારો કરશે. ભારતીય વન સંશોધન અને શિક્ષણ પરિષદના ડાયરેક્ટર જનરલ અરૂણ સિંઘ રાવતે વર્કશોપમાં વર્ચ્યુઅલ માધ્યમ થકી રાષ્ટ્રીય લક્ષ્યાંકો અને રાષ્ટ્રીય નિર્ધારિત યોગદાન (NDC) સંબંધિત આંતરરાષ્ટ્રીય પ્રતિબદ્ધતાઓ હાંસલ કરવા વન સંરક્ષણ અધિનિયમ, ૧૯૮૦માં કરવામાં આવેલા સુધારાઓની વિગતો આપી હતી. વર્ષ ૨૦૨૧માં દેશના જંગલનો કુલ ભૌગોલિક વિસ્તાર ૨૪.૬૨ ટકાહતો જે કુલ ગ્રીનહાઉસ ગેસ ઉત્સર્જનના લગભગ ૧૫ ટકા જેટલો છે. તેમણે ઉમેર્યુંહતું કે, વર્ષ ૨૦૦૫ થી ૨૦૨૧ સુધી સમગ્ર દેશના જંગલોના કાર્બન સ્ટોકમાં લગભગપાંચ ટકા જેટલો સુધારો કરવામાં ભારત દેશે સફળતા મેળવી છે. ભારત એવા દેશોમાંનો એક છે જ્યાં જંગલોના સંરક્ષણ અને ટકાઉ વ્યવસ્થાપનના ઉદ્દેશ્યની રાષ્ટ્રીય નીતિઓને કારણે જંગલો અનેવૃક્ષોનું આવરણ વધ્યું છે.

ભારતીય વનસંશોધન અને શિક્ષણ પરિષદના ડેપ્યુટી ડાયરેક્ટર જનરલ શિક્ષણ, કંચન દેવીએવનીકરણ ક્ષેત્રના લક્ષ્યાંકને હાંસલ કરવા માન્ય વળતરયુક્ત વનીકરણનમહત્વ વિષે વિગતો આપી હતી. જયારે મદદનીશ નિયામકજનરલ (જૈવવિવિધતા અને આબોહવા પરિવર્તન), ડો.રાજેશ શર્માએ, વર્કશોપના ઉદ્દેશ્યો પર તેમના વિચારો વ્યક્ત કર્યા હતા. આ વર્કશોપમાં પ્રાદેશિક કાર્યાલયના ડેપ્યુટી ડાયરેક્ટર જનરલ ઓફ ફોરેસ્ટ, શ્રવણ કુમાર વર્મા, ગોલ્ડ સ્ટાન્ડર્ડ અને સિનિયર સ્ટાન્ડર્ડ મેનેજર ડૉ. લોકેશ ચંદ્ર દુબે સહીત ગુજરાત રાજ્ય અને અન્ય રાજ્યોમાંથી વન વિભાગ, એન.જી.ઓ, વૈજ્ઞાનિકો, ઉદ્યોગ પ્રતિનિધિઓ, શિક્ષણવિદો અને નીતિ ઘડવૈયાઓના ૧૦૦૦થી વધુ સહભાગીઓએ વર્ચ્યુઅલ માધ્યમ થકી ભાગ લીધો હતો.

# વિશ્વના કુલ ડિજિટલ ટ્રાન્ઝેક્શનમાંથી ૪૫ ટકા એકલા ભારતમાંથી થાય છે



ગાંધીનગર, તા.૩૦

તાજેતરમાં બોડકદેવ અમદાવાદ ખાતે ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ દ્વારા બેંકની ૫૦૦૦ બ્રાન્ચનું લોકાર્પણ કરવામાં આવ્યુંહતું. આજે સમગ્ર દેશની સાથે ગુજરાતમાં ૧૧ બેંકનો આરંભ કરવામાં આવ્યો. આ પ્રસંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે, બેંકની પ્રથમ બ્રાન્ચનું ઉદ્ઘાટન અમદાવાદ ખાતે થયું હતું અને આજે ૫૦૦૦ની બ્રાન્ચનું ઉદ્ઘાટન પણ અમદાવાદમાં થઈ રહ્યું છે, જે ગૌરવની બાબત છે. મુખ્યમંત્રીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીની વાત કરતા જણાવ્યું હતું કે, વડાપ્રધાને સૌનો સાથ, સૌનો વિશ્વાસ, સૌનો વિકાસ અને સૌનો પ્રયાસનો મંત્ર આપ્યો છે. જેને આપણે સૌએ એકસાથે મળીને સાર્થક કરવાનો છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, વડાપ્રધાને નાનામાં નાનો વ્યક્તિ બેંકમાં ખાતું ખોલાવી શકે તે માટે જનધન યોજના શરૂ કરી છે. જેથી દેશમાં કુલ ૪૮ કરોડથી વધુ લોકોએ ઝીરો બેલેન્સમાં ખાતું ખોલાવ્યું છે. જેમાં ગુજરાતના કુલ ૧.૮ કરોડ લોકોએ ખાતા ખોલાવ્યા છે. મુખ્યમંત્રીએ વધુમાં જણાવ્યું કે, નાણાંની સેવાઓને વધુ વેગ આપવા ડિજિટલ ક્રાંતિની શરૂઆત કરવામાં આવી હતી. જેમાં વિશ્વના કુલ ૧૦૦% ડિજિટલ ટ્રાન્ઝેક્શનમાંથી ૪૫% ડિજિટલ ટ્રાન્ઝેક્શન ભારતમાંથી થાય છે, એ ગૌરવની બાબત છે. આઝાદીના અમૃતકાળમાં વર્ષ ૨૦૪૭ સુધીમાં વિકસિત ભારતનું જે લક્ષ્યાંક વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જોયું છે, તેમાં આપણે સૌ ભાગીદારી નોંધાવી વિકાસની દિશાને વેગ આપીએ એમ તેમણે જણાવ્યું હતું.

# ખેલ મહાકુંભ : ૩ જ દિવસમાં દોઢ લાખથી વધુનું રજિસ્ટ્રેશન થયું




અમદાવાદ, તા.૩૦

ખેલ મહાકુંભને લઈને રજિસ્ટ્રેશનની કાર્યવાહી શરૂ કરી દેવામાં આવી છે. માત્ર ૩ જ દિવસના ટૂંકાગાળામાં દોઢ લાખ કરતા વધુ રમતવીરોએ રજિસ્ટ્રેશન કરાવ્યું હોવાનું સામે આવ્યું છે, જેમાં સૌથી વધુ અમદાવાદ જિલ્લામાં ૪૩ હજાર જેટલા રમતવીરોનું રજિસ્ટ્રેશન થયું છે, જયારે સૌથી ઓછા ગાંધીનગર મનપાનું રજિસ્ટ્રેશન થયું છે. શૈક્ષણિક સંકલન સમિતિએ શરૂ કરેલા આંદોલનમાં ખેલ મહાકુંભમાં યોગદાન નઆપવાનું આયોજન કરાયું છે, જેની અસર રજિસ્ટ્રેશન ઉપર જોવા મળી શકે છે. ખેલ મહાકુંભ ૨.૦ને લઈને રજિસ્ટ્રેશનની પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. આ કાર્યવાહીનો પ્રારંભ થતાંની સાથે જ સમગ્ર રાજ્યમાંથી મોટી સંખ્યામાં નોંધણી થઈ હોવાનું જાણવા મળેછે. ત્રણ જ દિવસમાં રાજ્યના ૧.૬૩ લાખ જેટલા રમતવીરોએ રજિસ્ટ્રેશન કરાવ્યું હોવાનું જાણવા મળે છે, જેમાં સૌથી વધુ અમદાવાદ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી તાબા હેઠળની સ્કૂલોના વિદ્યાર્થીઓનું રજિસ્ટ્રેશન થયું છે. ખેલ મહાકુંભ માટે જેટલા ઉમેદવારોનું રજિસ્ટ્રેશન થયું છે તેમાં મહિલા રમતવીરોની સંખ્યા પણ નોંધપાત્ર છે. કુલ રમતવીરોના રજિસ્ટ્રેશનમાં મહિલા રમતવીરોની સંખ્યા ૬૫ હજાર છે. જયારે પુરૂષ રમતવીરોની સંખ્યા ૯૮ હજાર છે. મોટી સંખ્યામાં વ્યક્તિગત રજિસ્ટ્રેશન સાથે ટીમ રજિસ્ટ્રેશન પણ મોટી સંખ્યામાં જોવા મળ્યું છે. ખેલ મહાકુંભ માટે કુલ ૪૬૫૧ ટીમ રજિસ્ટ્રેશન થયું છે, જેમાં મહિલાઓની ૧૬૭૫ ટીમ અને પુરૂષોની ૨૯૭૬ ટીમ નોંધાઈ ચૂકી છે. સૌથી ધીમી ગતિએ ગાંધીનગર મહાનગરપાલિકામાં રજિસ્ટ્રેશન થઈ રહ્યું છે, જેમાં અત્યાર સુધી માત્ર ૪૩૭ રમતવીરો જ નોંધાયા છે. અમદાવાદ જિલ્લા બાદ બીજા ક્રમે નવસારી જિલ્લામાં ૧૫ હજાર રમતવીરો નોંધાયા છે.

# સુપ્રીમ કોર્ટ લાંચના કેસમાં સાંસદો અને ધારાસભ્યોને મળતી મુક્તિ અંગે પુર્નઃવિચાર કરશે

નવી દિલ્હી તા.૩૦

સર્વોચ્ચ અદાલતની સાત ન્યાયાધીશોની મુખ્ય ન્યાયાધીશ ડી.વાય. ચંદ્રચૂડની આગેવાની હેઠળની બેંચ સંસદ અને રાજય વિધાનસભાઓમાં ભાષણ કરવા અથવા મતદાન કરવા માટે લાંચ લેવા બદલ સાંસદો અને ધારાસભ્યોને કાર્યવાહીથી મુક્તિ આપતા સર્વોચ્ચ અદાલતના ૧૯૯૮ના ચુકાદા ઉપર પુર્નઃ વિચાર કરશે. સર્વોચ્ચ અદાલતની વેબસાઈટ ઉપર અપલોડ કરાયેલી નોટિસમાં કહેવામાં આવ્યું છે કે, બેન્ચ આ મામલે ૪ ઓકટોબરે સુનાવણી કરશે. ભારતના ચીફ જસ્ટિસ, જસ્ટિસ એ.એસ. બોપન્ના, જસ્ટિસ એમ.એમ. સુંદરેશ, જસ્ટિસ પમિઘંતમ શ્રી નરસિમ્હા, જસ્ટિસ જે.બી. પારડીવાલા, જસ્ટિસ સંજયકુમાર અને જસ્ટિસ મનોજ મિશ્રાની બંધારણીય બેંચ સીતા સોરેન વિરુદ્ધ યુનિયન નામની ફોજદારી અપીલ નં.૪૫૧/૨૦૧૯ની સુનાવણી માટે રચવામાં આવી છે. જેએમએમ લાંચ કૌભાંડે દેશને હચમચાવી નાખ્યાના લગભગ ૨૫ વર્ષ પછી સર્વોચ્ચ અદાલતે ૨૦ સપ્ટેમ્બરના રોજ તેના ૧૯૯૮ના ચુકાદા પર પુર્નઃવિચાર કરવા સંમત થતાં કહ્યું હતું કે, તે રાજ્યની નૈતિકતા ઉપર નોંધપાત્ર અસર ધરાવતો એક મહત્ત્વપૂર્ણ મુદ્દો છે. સર્વોચ્ચ અદાલતની પાંચ જજની બેન્ચે આ મુદ્દાને સાત જજની મોટી બેંચને મોકલવાનો નિર્ણય કર્યો હતો. સર્વોચ્ચ અદાલતે ૧૯૯૮માં પી.વી. નરસિમ્હા રાવ વિરૂધ્ધ સીબીઆઈ કેસમાં આપેલા પાંચ જજની બંધારણીધ્ બેન્ચના ચુકાદામાં જણાવ્યું હતું કે, કલમ ૧૦૫(૨) અને બંધારણની કલમ ૧૯૪(૨) મુજબ ગૃહમાં કરેલા કોઈપણ ભાષણ અને મતદાન માટે સંસદસભ્યોને બંધારણ હેઠળ ફોજદારી કાર્યવાહી સામે પ્રતિરક્ષા છે. બંધારણના અનુચ્છેદ ૧૦૫(૨)માં એવી જોગવાઈ છે કે, સંસદનો કોઈપણ સભ્ય સંસદમાં અથવા તેની કોઈપણ સમિતિમાં બોલવામાં આવેલા કોઈપણ મતના સંદર્ભમાં કોર્ટમાં કોઈપણ કાર્યવાહી માટે જવાબદાર રહેશે નહીં. કલમ ૧૯૪(૨) હેઠળ ધારાસભ્યો માટે આવી સમાન જોગવાઈ છે.



સીતા સોરેન ઉપર ૨૦૧૨માં રાજયસભાની ચૂંટણીમાં ચોક્કસ ઉમેદવારને મત આપવા માટે લાંચ લેવાનો આરોપ હતો. તેણીએ દલીલ કરી હતી કે બંધારણીય જોગવાઈ ધારાસભ્યોને કાર્યવાહીમાંથી મુક્તિ આપે છે. ત્રણ ન્યાયાધીશોની બેન્ચે કહ્યું હતું કે, તે ઝારખંડના ભૂતપૂર્વ મુખ્યપ્રધાન અને ભૂતપૂર્વ કેન્દ્રીય પ્રધાન શિબુ સોરેન અને અન્ય ચાર પક્ષના સાંસદોને સંડોવતા સનસનાટીભર્યા જેએમએમ લાંચ કેસમાં તેના ચુકાદાની પુર્નઃ વિચારણા કરશે. નરસિમ્હા રાવ સરકાર જે લઘુમતીમાં હતી, તે તેમના સમર્થનથી અવિશ્વાસ મતથી બચી ગઈ હતી. સીબીઆઈએ સોરેન અને અન્ય ચાર જેએમએમ લોકસભા સાંસદો સામે કેસ નોંધ્યો હતો પરંતુ સુપ્રીમ કોર્ટે બંધારણની કલમ ૧૦૫(૨) હેઠળ તેમને મળેલી કાર્યવાહીમાંથી મુક્તિનો હવાલો આપીને તેને રદ કર્યો હતો. સીતા સોરેને ૧૭ ફેબ્રુઆરી, ૨૦૧૪ના ઝારખંડ હાઈકોર્ટના આદેશ સામે અપીલ કરી હતી, જેમાં તેણે ૨૦૧૨ની રાજયસભાની ચૂંટણીમાં ચોક્કસ ઉમેદવારને મત આપવા માટે કથિત રીતે લાંચ લેવા બદલ તેમની સામે દાખલ કરાયેલા ફોજદારી કેસને રદ કરવાનો ઈન્કાર કર્યો હતો. સીબીઆઈએ તેના ઉપર એક ઉમેદવાર પાસેથી લાંચ લેવાનો અને બીજાને મત આપવાનો આરોપ લગાવ્યો હતો.

# મોંઘવારી બેફામ : સીંગતેલના ભાવમાં ફરી વધારો થતાં ગૃહિણીઓનું બજેટ ખોરવાયું

**પીલાણ લાયક મગફળીની અછત સર્જાઈ છે, ત્યારે હજુ આગામી દિવસોમાં સીંગતેલના ભાવમાં હજુ વધારો થઈ શકે છે**



અમદાવાદ, તા.૩૦

અમદાવાદનાં તેલીબાયા માર્કેટમાં એક અઠવાડિયામાં સીંગતેલનાં ભાવમાં રૂા. ૩૦નો વધારો થતા ગૃહિણીઓનું બજેટ ખોરવાયું છે. ત્યારે સીંગતેલનાં ભાવમાં રૂા. ૩૦ નો વધારો થતા હવે સીંગતેલનો ડબાનાં રૂા. ૩૨૦૦ થયા હતા. તેલનાં ભાવ વધતા મધ્યમવર્ગને વધુ એકમાર પડ્યો છે. આ બાબતે ગુજરાત સ્ટેટ એડિબલ ઓઈલ એન્ડ સીડ્સ એસોસિયેશનનાં પ્રમુખ સમીર શાહે જણાવ્યું હતું કે,ઉત્તર પ્રદેશથી આવતી મગફળીની આવકમાં હાલ ઘટાડો નોંધાયો છે. જેથી ૯૫ ટકા મિલો બંધ છે. જ્યારે ૫ ટકા મિલો જ ચાલુ છે. ત્યારે સામાન્ય રીતે બે મહિનાથી ઉત્તર પ્રદેશથી આવતી મગફળી ઉપર આધાર રાખવો પડતો હતો.પરંતુ ચાલુ વર્ષે ત્યાં ચોમાસુ વહેલું બેસી જતા પાકને મોટા પ્રમાણમાં નુકશાન થવા પામ્યુંછે. જેનાં કારણે બે મહિનામાં ઉત્તર પ્રદેશથી આવતી મગફળીની આવક ઘટતા હાલ માલની અછત સર્જાઈ છે. હાલ તો નવી મગફળીની આવક ચાલુ થવા પામી છે. ત્યારે રાજકોટ તેમજ ગોંડલ માર્કેટ યાર્ડમાં મગફળીની આવક થઈ હતી. પરંતું આ મગફળીનો વધુ પડતો ઉપયોગ કરીયાણા તેમજ સીંગદાણામાં થાય છે. જેથી પીલાણ માટે ચાલે એવી મગફળી હાલમાં આવતી નથી. અને વરસાદ થવાથી પીલાણ લાયક મગફળીની અછત સર્જાઈ છે. ત્યારે હજુ આગામી દિવસોમાં સીંગતેલનાં ભાવમાં વધારો થઈ શકે છે. હાલમાં સીંગતેલનાં ભાવમાં ભડકો જોવા મળી રહ્યો છે. તહેવારો નજીકમાં આવી રહ્યા છે તેમ તેમ સીંગતેલનાં ભાવ આસમાને જઈ રહ્યા છે. ત્યારે જે લોકો પાસે મગફળી છે એ લોકોજરૂર પૂરતો જ મગફળીનો જથ્થો રિલીઝ કરી રહ્યા છે. જેથી મિલોમાં પીલાણ માટે મગફળી ઓછી આવી રહી છે. હજુ પણ સીંગતેલનાં ભાવમાં તેજી આવવાની શક્યતા છે. આ બાબતે વેપારીએ જણાવ્યું હતું કે અઠવાડિયા પહેલા ખૂબ વધારો થયો હતો. ત્યારે હમણાં વરસાદ પડ્યો છે તો ભાવ ઘટવાની શક્યતાઓ છે. હજુ કંઈ કહી શકાય નહી હજુ પણ વધારો થાય અથવા ઘટાડો પણ થઈ શકે છે. ત્યારે હાલ સીંગતેલમાં મંદીનો માહોલ છે. તેમજ લોકો સીંગતેલનો ડબ્બો ખરીદવાનું ટાળી રહ્યા છે. હાલ ગ્રાહકો કપાસીયા તેલ ખરીદી રહ્યા છે.

# ગ્રાન્ટેડ સ્કૂલોને વર્ગ ઘટાડાની દરખાસ્ત ન કરવા સંકલન સમિતિનો આદેશ

અમદાવાદ, તા.૩૦

રાજ્યની ગ્રાન્ટેડ સ્કૂલોનેવર્ગ ઘટાડાની દરખાસ્ત ન કરવા માટે સંકલન સમિતિ દ્વારા આદેશ કરવામાં આવ્યો છે. ગાંધીનગર ખાતે મળેલી સંકલન સમિતિની બેઠકમાં વર્ગ ઘટાડાને લઈનેપણ ઠરાવ કરાયો હતો, જેમાં સ્કૂલોને ધો.૧૦ અને ધો.૧૨ના વર્ગ ઘટાડા માટે દરખાસ્ત ન કરવા માટેજણાવાયુંછે. પ્રાપ્ત માહિતી અનુસાર, ગાંધીનગર ખાતે મળેલી શૈક્ષણિક સંકલન સમિતિની બેઠકમાં વર્ગ ઘટાડાને લઈનેપણ ઠરાવ કરવામાં આવ્યો હોવાનું જાણવા મળે છે. શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૩માં ધો.૯ અને ધો.૧૧ના વર્ગો માટે ગ્રામ્ય વિસ્તારમાં ૧૮ અને શહેરી વિસ્તારમાં ૨૫ સંખ્યા માન્ય કરતો ઠરાવ શિક્ષણ વિભાગ દ્વારા બહાર પાડવામાં આવ્યો હતો. સામાન્ય રીતે આગળના વર્ષ એટલે કે ૨૦૨૩-૨૪માં આ વિદ્યાર્થીઓ ધો.૧૦ અને ધો.૧૨મા આવ્યા હોય છે, જે હકીકત અન્વયે ગત વર્ષની વિદ્યાર્થી સંખ્યા પાસ થઈનેઆવી છે હવે તે સંખ્યા ચાલુ શૈક્ષણિક વર્ષ દરમ્યાન ચાલુ રહેનાર છે. ગત વર્ષે જે વિદ્યાર્થી સંખ્યા હોય તે જ પાસ થઈને ચાલુ વર્ષે આવે તે સ્વાભાવિક હોવા છતાં શિક્ષણ વિભાગ દ્વારા સંખ્યાને લઈને ઠરાવ કર્યો નથી. આમ, ટેક્નિકલ કારણોસર ધો.૧૦ અને ધો.૧૨ ગ્રાન્ટેડ વર્ગ ઘટાડવા માટે રાજયની ગ્રાન્ટેડ શાળાઓના સંચાલકોએ વર્ગ ઘટાડાની દરખાસ્ત કરવી નહીં તેવો ઠરાવ શૈક્ષણિક સંકલન સમિતિની બેઠકમાં સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું છે. હાલમાં વર્ગ ઘટાડાને લઈને રાજયના તમામ જિલ્લાઓમાં જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા પરિપત્ર કરી દરખાસ્ત કરવા માટે સૂચના આપી છે. આ સૂચના બાદ પણ જિલ્લા શિક્ષણાધિકારી કચેરી દ્વારા સંચાલકો ઉપર દરખાસ્ત કરવા માટે દબાણ કરવામાં આવતું હોવાનું સામે આવ્યું છે. જિલ્લાઓમાંથી આ અંગે શૈક્ષણિક સંકલન સમિતિને રજૂઆત પણ મળી હતી, જેના પગલે શૈક્ષણિક સંકલન સમિતિની બેઠકમાં આ મુદ્દે ચર્ચાયો હતો અને દરખાસ્ત ન કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

## જૂની પેન્શન સ્કીમ લાગુ કરવાના મુદ્દે ફરી એકવાર આંદોલનના મંડાણ !

# રાજ્યના ૩૦૦ કર્મચારીઓ તા. ૧લી ઓક્ટોબરે દિલ્હી ખાતેના આંદોલનમાં સહભાગી થશે !

ગાંધીનગર, તા.૩૦

ગુજરાત ઉપરાંત દેશભરના સરકારી વિભાગના કર્મચારીઓની જૂની પેન્શન સ્કીમ લાગુ કરવાની માંગ ફરી એકવાર બુલંદ થવા જઈ રહી છે. ત્યારે સમગ્ર દેશના અલગ અલગ રાજ્યના કર્મચારી મંડળ દ્વારા ૧ ઓક્ટોબરના રોજ દિલ્હીના રામલીલા મેદાન ખાતે આંદોલન કરવામાં આવશે. આ આંદોલનમાં ગુજરાતના ૩૦૦૦ જેટલા કર્મચારીઓ જોડાશે. ઉપરાંત ગુજરાતના દરેક જિલ્લામાં પણ કર્મચારી મંડળ દ્વારા રજૂઆત કરવામાં આવશે. તેવો કાર્યક્રમ ઘડી કઢાયો લેવાયો છે.

ગુજરાતમાં વર્ષ ૨૦૦૫ બાદના સરકારી કર્મચારીઓને જૂની પેન્શન સ્કીમનો લાભ મળતો નથી. ત્યારે ગુજરાત વિધાનસભા વર્ષ ૨૦૨૨ ચૂંટણીમાં જૂની પેન્શન સ્કીમ બાબતે સરકારી કર્મચારીઓએ રાજ્યસરકારની સામે આંદોલન ચલાવ્યું હતું. ત્યારબાદ સરકાર સાથે મંત્રણા અને વિચારણા થઈ હતી. પરંતુ આ તમામ મામલો કેન્દ્ર સરકારને લગતો હોવાના કારણે રાજ્યસરકારે જૂની પેન્શન સ્કીમ બાબતે પોતાનું વલણ સ્પષ્ટ કર્યું હતું. ત્યારે હવે સમગ્ર દેશના અલગ અલગ રાજયના કર્મચારી મંડળ દ્વારા ૧ ઓક્ટોબરના રોજ દિલ્હીના રામલીલા મેદાન ખાતે જૂની પેન્શન સ્કીમની માંગ ફરી બુલંદ કરવામાં આવશે.

રાષ્ટ્રીય શૈક્ષણિક સંઘના સહ સંગઠન મંત્રી પરેશ પટેલે જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૦૫ પહેલા અને ૨૦૦૫ પછી જે પેન્શન છે એ તમામ કર્મચારીઓ માટેની આ લડત છે. ગાંધીજીના માર્ગે ૨ ઓક્ટોબરના રોજ ગાંધી જયંતીનો જન્મદિવસ હોવાના કારણે અમે આંદોલન કરવા જઈ રહ્યા છીએ. ૨ ઓક્ટોબરના રોજ તમામ જિલ્લાઓની અંદર જે તે જિલ્લાઓમાં ગાંધીજીનું જે સ્ટેચ્યુ છે, તેના પરિસરમાં સ્વચ્છતા અભિયાન ચલાવી અને એ અભિયાનની શરૂઆત કરીશું. ગાંધીજીને સુતરની આંટી પહેરાવીને આંદોલનની શરૂઆત કરવામાં આવશે. વધુમાં તેમણે કહ્યું કે, ૨૦૦૫ પછી પેન્શનથી વંચિત જે શિક્ષકો અને કર્મચારીઓ માટેની આ લડત છે. ૩ ઓક્ટોબરથી ૭ ઓક્ટોબર સુધી દરેક જિલ્લાના ધારાસભ્ય, સાંસદ, તાલુકાના પ્રમુખ, જિલ્લાના પ્રમુખ, ભાજપ પ્રમુખ આમ તમામને લેટરના માધ્યમથી એમના લેટરપેડ ઉપર અમારી રજૂઆત અને માંગણી સરકાર સુધી પહોંચાડે એવી વિનંતી કરવામાં આવશે. ગુજરાતના કર્મચારીઓ વતી કર્મચારી મહામંડળના મહામંત્રી ભરત ચૌધરીએ જણાવ્યું હતું કે, જૂની પેન્શન સ્કીમ બાબતે ગુજરાતના ૩,૦૦૦ જેટલા કર્મચારીઓ દિલ્હી જશે અને ૧ ઓક્ટોબરના રોજ યોજાનાર કાર્યક્રમમાં હાજરી આપશે. જૂની પેન્શન સ્કીમનું સમર્થન પણ ગુજરાતના તમામ સરકારી કર્મચારીઓ વતી આપવામાં આવશે. જયારે આ કાર્યક્રમ ઓલ્ડ પેન્શન સ્કીમ નેજા હેઠળ યોજાઈ રહ્યો છે. આ કાર્યક્રમમાં શિક્ષક સહિત તમામ કેન્દ્ર સરકાર અને રાજય સરકારના ૧૦,૦૦૦ જેટલા સરકારી કર્મચારીઓ કે જેઓને જૂની પેન્શન સ્કીમનો લાભ નથી મળતો, તે તમામ લોકો અને તમામ રાજયના કર્મચારી મહામંડળ પણ જોડાઈ રહ્યા છે. આ ઉપરાંત ગુજરાતમાં ચાલતી ફિક્સ પે નીતિ અંગે પણ દિલ્હીમાં જઈને ગુજરાત મોડલની વાત પણ મૂકવામાં આવશે. તેમ તેમણે જણાવ્યું હતું

# ભારત વિરૂધ્ધ કેનેડાના આરોપોની સંપૂર્ણ અને નિષ્પક્ષ તપાસ થવી જોઈએ : અમેરિકા



વોશિંગ્ટન, તા. ૩૦

અમેરિકાએ કહ્યું છે કે આ વર્ષની શરૂઆતમાં બ્રિટિશ કોલંબિયામાં એક અલગતાવાદી શીખ નેતાની હત્યામાં ભારત સરકાર સામેલ હોવાના કેનેડાના આરોપોની સંપૂર્ણ અને નિષ્પક્ષ તપાસ થવી જોઈએ. વિદેશ વિભાગના પ્રવક્તા મેથ્યુ મિલરે એક ન્યૂઝ કોન્ફરન્સમાં આ અંગે જણાવ્યું હતું. મિલરે કહ્યું કે,“તેઓ એવા આરોપો વિશે છે કે અમને લાગે છે કે સંપૂર્ણ અને ન્યાયી તપાસ થવી જોઈએ.” તેમણે જણાવ્યું કે, “કેનેડાએ કહ્યું છે કે તે તે કરવા માટે પ્રતિબદ્ધ છે, અને અમારૂં માનવું છે કે ભારત સરકારે તેની સાથે તપાસમાં સહકાર આપવો જોઈએ.” અધિકારી નવી દિલ્હીમાં જી૨૦ સમિટના સમાપન પછી કેનેડા અને ભારત વચ્ચેના વિવાદ ઉપર એક પ્રશ્નનો જવાબ આપી રહ્યા હતા. કેનેડાએ ભારત ઉપર બ્રિટિશ કોલંબિયામાં શીખ અલગતાવાદી હરદીપ સિંહ નિજ્જરની હત્યામાં સામેલ હોવાનો આરોપ લગાવ્યો છે. ભારતે આરોપોને પાયાવિહોણા ગણાવ્યા છે અને કહ્યું છે કે કેનેડા આતંકવાદીઓ માટે સુરક્ષિત આશ્રયસ્થાન બની ગયું છે. મિલરે કહ્યું કે, “અમે કેનેડાની પરિસ્થિતિ વિશે દેખીતી રીતે ખૂબ ચિંતિત છીએ. અમે અમારા કેનેડિયન સમકક્ષો સાથે નજીકથી સહયોગ કર્યો છે અને અમે ભારતને તે તપાસમાં સહકાર આપવા વિનંતી કરી છે અને અમે તેમ કરવાનું ચાલુ રાખીશું.” અધિકારીએ સાથે જ ઉમેર્યું હતું કે ભારત એ અમેરિકાનું મહત્વપૂર્ણ ભાગીદાર છે.

સૌરાષ્ટ્રમાં પ્રથમવાર

# ડો.સુભાષ યુનિ.માં યુનિવર્સલ હયુમન વેલ્યુઝ વિષયક ત્રિદિવસીય ફેકલ્ટી ડેવલપમેન્ટ પ્રોગ્રામ યોજાયો




જૂનાગઢ તા. ૩૦

સ્કુલ ઓફ એન્જીનીયરીંગ એન્ડ ટેકનોલોજી, ડો.સુભાષ યુનિવર્સીટી, જૂનાગઢ ખાતે સૌરાષ્ટ્રમાં પ્રથમ વખત ફેકલ્ટીઓના આંતરિક વિકાસની સાથેસાથે માનવીય મૂલ્યો સધાય તે માટે AICTE અને NCCIPના ટીમ મેમ્બર્સ દ્વારા સંયુક્ત ઉપક્રમે યુનિવર્સલ હ્યુમન વેલ્યુઝ વિષયક ત્રિદિવસીય ફેકલ્ટી ડેવલપમેન્ટ પ્રોગ્રામ તા.૨૨થી ૨૪ સપ્ટેમ્બર દરમ્યાન યુનિવર્સીટીના કેમ્પસમાં યોજાયો હતો. માનવીય શિક્ષણ દ્વારા દરેક વ્યક્તિમાં સાચી સમજણ, સાચા વિચારના ગુણોનો વિકાસ એ મુખ્ય પરિબળ છે. શિક્ષણની સાથે સાથે માનવીય મૂલ્ય ભળે તો વિકાસલક્ષ્ય તરફ આગેકૂચ કરી શકાય છે. મૂલ્યો અને કૌશલ્યો એકબીજાના પુરક અને પોષક છે. આની શરૂઆત ઘર આંગણેથી થવી જોઈએ અને તેની જવાબદારી માટે માતા, પિતા, શિક્ષક, સમાજની રહેલી છે. આ ટ્રેનીંગના મુખ્ય વકતા ઉમેશ જાધવે ત્રણ દિવસ દરમ્યાન કુલ ૬ સેશન્સમાં જુદા જુદા વિષયોને આધારે માનવીય મૂલ્યો કઈ રીતે કેળવાય તેની ઉંડી સમજ રજુ કરેલ હતી. જેમાં મુખ્યત્વે પૃથ્વી ઉપરના તમામ અસ્તિત્વ તરીકે આપણા અસ્તિત્વની ભૂમિકા, પ્રકૃતિમાં સંવાદિતા, મુળભુત માનવીય આકાંક્ષા અને તેની પરિપુર્ણતા, મૂલ્યનિષ્ઠ શિક્ષણ માટેનું આંતરિક અન્વેષણ, મનુષ્ય-મનુષ્ય વચ્ચેની સહજ સંવાદિતા, સ્વવિકાસ, કુટુંબમાં સંવાદિતા સધાય તેમજ એકબીજા પ્રત્યે સમતા, સમભાવ, સ્નેહ, વાત્સલ્ય, કૃતજ્ઞતા, પ્રેમ, શ્રધ્ધા વગેરે જળવાય તે હેતુથી જુદા જુદા તજજ્ઞોએ ફેકલ્ટી ડેવલપમેન્ટ પ્રોગ્રામમાં વિશ્લેષણ કર્યુ. સમજ અને વ્યક્તિમાં પરિવર્તન આવે એ માટે આ ફેકલ્ટી ડેવલપમેન્ટ પ્રોગ્રામમાં ચર્ચાવિચારણા કરવામાં આવેલ હતી. જેમાં AICTE અને NCCIP માંથી ઉમેશ જાધવ, કવિતશાહ, એમ.ડી.અમીપરાએ મુખ્ય ભૂમિકા ભજવી હતી. તેમજ હ્યુમન વેલ્યુઝ વિષે વિગતે વાત કરી પ્રાધ્યાપકોને અભિમુખ કર્યા હતા. સૌરાષ્ટ્રમાં આ પ્રથમ વખત આયોજન કરેલ હતું જેમાં ગુજરાતની UGC/AICTE એપ્રુવ્ડ કોલેજના કુલ ૧૨૦ પ્રાધ્યાપકોએ ભાગ લીધેલ હતો. આમ મોટી સંખ્યામાં જૂનાગઢ તેમજ અન્ય જીલ્લાઓમાંથી પ્રાધ્યાપકોએ આ નવતર પ્રયોગમાં સંમિલિત થઈ શિક્ષણની સાથે માનવીય મૂલ્યોનું જીવનમાં શું મહત્વ છે તેને સમજવાના પ્રયત્નો કરેલ હતા. માનવીય મૂલ્યો વ્યક્તિના જીવનમાં ખુબજ અસરકારક અને મહત્વની ભૂમિકા ભજવે છે. આ ઉપરાંત માનવ-માનવ વચ્ચે પ્રમાણિકતા, વિશ્વાસ, વફાદારી, અન્ય લોકો માટે આદરની ભાવના, કાયદાનું પાલન, જવાબદારી વગેરે એકબીજા પ્રત્યે વિકસે તેમજ તે પ્રતિ ઉદાત ભાવના અવલંબીત થાય તે માટે આ કાર્યક્રમ હાથ ધરાયેલ હતો.

આ કાર્યક્રમમાં યુનિવર્સીટીના પ્રો.વંદિત ભટ્ટ, ડો.શ્વેતા પંચાલ, ડો.પ્રદીપ કાછીયા, પ્રો.હાર્દિક રાઠોડ, પ્રો.પંકજ ગજેરા, પ્રો.જગદીશ કપુરીયા, સંજય મકવાણા, રાહુલ સગારકા, અભિજીત ગોહીલએ જહેમત ઉઠાવી હતી. આ સેમીનાર સફળ બનાવવા તેમજ નવતર પ્રયોગ થકી શિક્ષણમાં સુધારા પ્રત્યે જાગૃતિ લાવવા માટેના પ્રયોગો અને પ્રયાસોરૂપી નવો દ્રષ્ટીકોણ અપનાવવા બદલ યુનિવર્સીટીના પ્રમુખ રાજભાઈ ચાવડા, પ્રો.વોસ્ટ ડો.દિપક પટેલ, રજીસ્ટ્રાર ડો.જે.જે. પટેલ, સ્કુલ ઓફ એન્જીનીયરીંગ એન્ડ ટેકનોલોજીના ડીન ડો.સંદીપ પંચાલ સહિતના વ્યક્તિઓએ કાર્યક્રમને બિરદાવ્યો હતો.

# ઐતિહાસિક ઉપરકોટમાં યદુવંશી ક્ષત્રિય આહિર 'દેવાયત બોદર'ની પ્રતિમા મુકવા માંગ





જૂનાગઢ તા. ૩૦

ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલના હસ્તો તા.૨૮ સપ્ટેમ્બરના રોજ ઐતિહાસિક ઉપરકોટના કિલ્લાનું લોકાર્પણ કરવામાં આવેલ છે. દરમ્યાન રૂા.૭૪ કરોડના ખર્ચે નાવીનીકરણ પામેલા આ ઉપરકોટના કિલ્લામાં આશરા ધર્મ કાજે પોતાના પુત્રનું બલિદાન આપનારા આહિર સમાજના વીર દેવાયત બોદરની પ્રતિમા મુકવાની માંગણી કરવામાં આવી રહી છે. ભાજપના અગ્રણી અને વધાવી ગામના આહીર આગેવાન કલ્પેશભાઈ જોગલે ગુજરાતના મુખ્યમંત્રીશ્રીને એક પત્ર પાઠવીને રજુઆત કરતા જણાવેલ છે કે, ઐતિહાસિક ઉપરકોટના કિલ્લાનું પ્રવાસનની દ્રષ્ટીએ નિર્માણ થઈ રહયું છે ત્યારે ઉપરકોટનાં ઈતિહાસ સાથે જેમની નામના છે અને આશરા ધર્મ કાજે પોતાના દિકરાનું બલિદાન આપેલ છે એવા યદુવંશી ક્ષત્રિય આહિર દેવાયત બોદરની પ્રતિમા ઉપરકોટની અંદર નિર્માણ કરવામાં આવે તો અહીં આવનારા પર્યટકોને જાણકારી પણ પ્રાપ્ત થાય અને તેમના ઈતિહાસની બાબતો પણ જાણવા મળી શકે. આ ઉપરાંત જૂનાગઢના ઈતિહાસમાં દિકરાનું બલિદાન આપીને દેવાયત બોદરે જે અમર ઈતિહાસ સ્થાપ્યો છે તેવા વીર પુરૂષ આહિર સમાજના છે. અને આહિર સમાજ હંમેશા બધા સમાજને સાથે લઈને ચાલે છે. એજ રીતે આહિર સમાજના અગ્રણી અને ભાજના ધારાસભ્ય ભગાભાઈ બારડે પણ આ બાબતે રજુઆત કરેલ છે. વધુમાં ઉપરકોટ ખાતે દેવાયત બોદરની પ્રતિમા મુકવામાં આવે તેવી માંગણી સાથે પાઠયપુસ્તકની અંદર પણ વીર દેવાયત બાપા બોદરનો ઉલ્લેખ કરવા પત્રના અંતે કલ્પેશભાઈ જોગલે રજુઆત કરી છે.

# જૂનાગઢ જિલ્લામાં સ્વચ્છતા હી સેવા કાર્યક્રમ અંતર્ગત મહાશ્રમ દાન કાર્યક્રમ યોજાશે

**તા. ૧ લી ઓક્ટોબરે જૂનાગઢ જિલ્લામાં એક તારીખ એક કલાક સૂત્ર સાથે લોક ભાગીદારી સાથે સફાઈ અભિયાન યોજાશે**

જૂનાગઢ,તા. ૩૦

સમગ્ર દેશમાં આગામી તા.૧૫ઓક્ટોબર ૨૦૨૩ સુધી સ્વચ્છતા હી સેવા દેશવ્યાપી અભિયાન ખાસ ઝુંબેશ રૂપે હાથ ધરીને સ્વચ્છતા અંગેના ગ્રામ્ય કક્ષાએ વિવિધ કાર્યક્રમો કરવામાં આવી રહ્યા છે. આગામી તા. ૧ ઓક્ટોબર ૨૦૨૩ ના દિવસે દેશના તમામ ગ્રામ્ય અને શહેરી વિસ્તારોની સાથે જૂનાગઢ જિલ્લામાં પણ જન પ્રતિનિધિઓની આગેવાની હેઠળ એક તારીખ એક કલાક સૂત્ર સાથે લોક ભાગીદારી સાથે મહાશ્રમદાન કાર્યક્રમ સવારે ૧૦ થી ૧૧ કલાક સુધી યોજાનાર છે.

આ કાર્યક્રમ હેઠળ જુનાગઢ જિલ્લાના તમામ ગામો અને શહેરોમાં જન પ્રતિનિધિઓની આગેવાની હેઠળ મહત્તમ લોકભાગીદારી અને એક તારીખ એક કલાક સૂત્ર સાથે મહાશ્રમ દાન કાર્યક્રમનું આયોજન કરવામાં આવનાર છે. જેમાં આરોગ્ય કેન્દ્ર, આંગણવાડી,પ્રાથમિક / માધ્યમિક શાળાઓ અને કોલેજોમાં તેમજ વિવિધ કચેરીઓના પ્રાંગણ અને આજુબાજુના વિસ્તારો જિલ્લામાં આવેલ વિવિધ પ્રવાસ સ્થળો, દરિયા કિનારા, ગૌશાળા, બસ સ્ટેન્ડ તેમજ ધાર્મિક સ્થળોએ સામૂહિક શ્રમદાન થકી સફાઈ અભિયાનનું આયોજન કરવામાં આવનાર છે.

મહાત્મા ગાંધીજીના સ્વચ્છ ભારતના ઉદ્દેશને સાકાર કરવા જિલ્લાના તમામ લોકોને સ્વચ્છતાહિ સેવા અંતર્ગત લોક ભાગીદારી થકી એક તારીખ એક કલાક સૂત્રને સાર્થક કરવા આ મહાશ્રમદાનમાં મહત્તમ યોગદાન આપવા જૂનાગઢ જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક શ્રી પી. જી. પટેલ દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે. આ સમગ્ર અભિયાન ચેરમેન અને જૂનાગઢ જિલ્લા વિકાસ અધિકારી શ્રી મીરાંત પરીખના માર્ગદર્શન હેઠળ યોજાનાર છે.

# ગીર વન્યપ્રાણી અભયારણ્ય તા.૧૬મી ઓક્ટોબરથી પ્રવાસીઓ માટે ખુલ્લું મુકાશે

**પ્રવાસીઓ ઓફિસિયલ વેબસાઈટ પરથી પરમીટ બુક કરી શકશે**

જૂનાગઢ તા.૩૦

ચોમાસાની ઋતુ પૂર્ણ થઈ રહી છે ત્યારે તા.૧૬-૧૦-૨૦૨૩થી ગીર અભયારણ્ય પ્રવાસીઓ અને મુલાકાતીઓ માટે ખુલ્લુ મૂકવામાં આવશે. ગીર જંગલના કાચા રસ્તાના કારણે ચોમાસાની ઋતુ દરમિયાન ગીર અભયારણ્ય તથા રાષ્ટ્રીય ઉદ્યાન કઈ તા.૧૬-૬-૨૦૨૩થી તા.૧૫-૧૦-૨૦૨૪ સુધી નિયમાનુસાર બંધ રાખવામાં આવ્યું હતું. આમ, ગીર વન્યપ્રાણી અભયારણ્ય, સાસણ ગીર ખાતે ઈકો ટુરીઝમ ઝોન (નિયત રૂટ ઉપર) તા.૧૬ ઓક્ટોબર ૨૦૨૩થી પ્રવાસન સ્થળને પ્રવાસીઓ માટે ખુલ્લો મુકવામાં આવશે. ગીર વન્ય પ્રાણી અભયારણ્ય, સાસણ ગીર માટે ઓનલાઈન બુકિંગ શરૂ થઈ ગયેલ છે અને પ્રવાસીઓ ઓફિસિયલ વેબસાઈટ (https://girlion.gujarat.gov.in/) પરથી પરમીટ બુક કરી શકશે. તેમ વન્યપ્રાણી વિભાગ, સાસણ ગીરના નાયબ વન સંરક્ષકશ્રીની યાદીમાં જણાવાયું છે.

# જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી દ્વારા ફર્ટીલાઈઝર ડીલર્સ કોર્ષની ૨૯ મી બેંચનો શુભારંભ

જૂનાગઢ,તા. ૩૦

વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીની કચેરી, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ દ્વારા ખાતર વિક્રેતાઓ માટે ઈન્ટીગ્રેટેડ ન્યુટ્રીઅન્ટ મેનેજમેન્ટ ફોર ફર્ટીલાઈઝર ડીલર્સ ની ૧૫ દિવસીય તાલીમની ૨૯મી બેચ તા.૨૫-૦૯-૨૦૨૩ થી તા.૦૯-૧૦-૨૦૨૩ દરમ્યાન આયોજીત કરેલ છે. જેનો તા.૨૭-૦૯-૨૦૨૩ ના રોજ કુલપતિશ્રી, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, ડૉ. વી. પી. ચોવટીયા સાહેબની અધ્યક્ષતામાં ઉદ્ઘાટન કાર્યક્રમ યોજાયો હતો.

જેમાં સંશોધન નિયામકશ્રી, ડૉ. આર. બી. માદરીયા, વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી, ડૉ. એન. બી. જાદવ, આચાર્ય અને ડીનશ્રી ડૉ. એસ. જી. સાવલીયા ઉપસ્થિત રહયા હતા. કુલપતિશ્રી ડૉ. વી. પી. ચોવટીયા એ આ ઉદ્ઘાટન પ્રસંગે ડીલરોને સંબોધન કરતા જણાવેલ કે, આજે રાસાયણિક ખાતરોનો આડેધડ વપરાશ થવાથી જમીનની ઉત્પાદકતા ઘટી અને આપણી જમીનનો ઓર્ગેનિક કાર્બન ઓછો થઈ ગયો છે. જમીનમાં હેવી મેટલ્સ વધતા જમીનમાં પોષક તત્વોની અસમતોલન થયું છે. જેના પરિણામે ઉત્પાદન ઓછુ મળે છે. ઉત્પાદન વધારવા માટે જમીનની તંદુરસ્તી જાળવવી ખુબજ જરૂરી છે. આ તાલીમ થકી રસાયણિક ખાતરોના વપરાશ અને જમીનની તંદુરસ્તી જાળવવા માટે મેળવેલ જ્ઞાન તમામ ખેડૂતો સુધી પહોચાડવા તમામ ડીલર્સને આહ્વાન કર્યુ હતુ.

આ પ્રસંગે વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી ડૉ. એન.બી. જાદવે તમામ ડીલર્સને તેમના સંપર્કમાં આવતા ખેડૂતો રાસાયણિક ખાતરોનો ભલામણ મુજબ વપરાશ કરતા થાય તેવો અનુરોધ કરેલ તેમજ જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીની એપ્લીકેશન JAU iKrushi Sanhita નો ઉપયોગ કરવા જણાવ્યું હતુ. સંશોધન નિયામકશ્રી ડૉ. આર. બી. માદરીયા એ સુક્ષ્મ તત્વોના મહત્વ તથા પાક ઉત્પાદનમાં જરૂરીયાત અંગે ડીલરોને વાકેફ કર્યા હતા. આ કાર્યક્રમમાં કુલ ૮૭ ડીલર્સ મિત્રો ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન સહ વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી ડૉ. એચ. સી. છોડવડીયા, ખેતીવાડી અધિકારી શ્રી એસ. એમ. ભાભોર તેમજ રીસર્ચ એસોસિયેટ શ્રી એન. આર. કાવરે કર્યુ હતુ.

# સિદસર ખાતે ત્રિદિવસીય 'બિલ્વપત્ર' મહોત્સવની થઈ રહેલ ભવ્યાતિભવ્ય ઉજવણી

**ઉમિયાધામ સિદસરમાં આજે વિશાળ મહિલા સંમેલન**

**સૌરાષ્ટ્ર કક્ષાની રાસ-ગરબા સ્પર્ધાની સાથે કટાર લેખક જય વસાવડાનું વ્યાખ્યાન**

**મહિલા ઉત્પાદકો દ્વારા વિવિધ વસ્તુઓના ૧૨૫ સ્ટોલનું પ્રદર્શન કમ સેલ**

(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ તા. ૩૦

આદ્યશક્તિ મા ઉમિયાના ભાદરવી પૂનમે ૧૨૫ માં પ્રાગટય દિન નિમિત્તે યોજાનારા ત્રિદિવસીય કાર્યક્રમમાં આજે ૩૦ સપ્ટેમ્બર ને શનિવારથી વિશાળ મહિલા સંમેલન યોજાયેલ છે. કડવા પાટીદાર કુળદેવી જગત જનની માં ઉમિયાનો ૧૨૫ મો પ્રાગટયોત્સવ તા.૨૯-૩૦ સપ્ટે. અને ૧ ઓકટોબર એમ ત્રિદિવસીય 'બિલ્વપત્ર' મહોત્સવ ઉમિયાધામ સિદસર ખાતે ભવ્યાતી ભવ્ય રીતે ઉજવાશે. જેમાં ભાદરવી પૂનમે પદયાત્રિકોનું સન્માન, ઉમિયા વાટિકાનું ભૂમિપૂજન, મહાઆરતી સહિતના કાર્યક્રમો યોજાશે. ૩૦ સપ્ટેમ્બર ને શનિવારના રોજ બપોરે ૨ કલાકે વિશાળ મહિલા સંમેલન યોજાશે. જેમાં વિવિધ જીલ્લા-તાલુકા અને શહેરોની ઉમિયા પરિવાર મહિલા સંગઠન સમિતિના હોદેદારો, સભ્યો તથા ઉમિયા પરિવાર કડવા પાટીદાર સમાજની બહેનો વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહેશે.

સિદસર ખાતે યોજાનાર વિશાળ મહિલા સંમેલનની વિગતો આપતા સૌરાષ્ટ્ર ઉમિયા પરિવાર મહિલા સંગઠન સમિતિના અધ્યક્ષ સરોજબેન મારડીયા તથા ગુજરાત ઉમિયા પરિવાર મહિલા સંગઠન સમિતિના અધ્યક્ષ જયશ્રીબેન ટીલવાએ જણાવ્યું છે કે, મા ઉમાજન ૧૨૫ માં પ્રાગટય દિન નિમિત્તે યોજાનારા ત્રિદિવસીય 'બિલ્વપત્ર' કાર્યક્રમ અંતર્ગત બીજા દિવસે ૩૦ સપ્ટેમ્બરના રોજ સિદસર ખાતે મહિલા સંમેલનની સાથો સાથ રાસ ગરબા સ્પર્ધાનું ભવ્ય આયોજન કરવામાં આવેલ છે. જેમાં સૌરાષ્ટ્રના વિવિધ તાલુકાઓ, શહેરો તેમજ ગ્રામ્ય વિસ્તારના ગરબા મંડળો વચ્ચે સ્પર્ધા યોજાશે. ઉમિયા પરિવાર મહિલા સંગઠન સમિતિ દ્વારા સૌરાષ્ટ્ર ઝોનમાંથી ૧૪ અને ગુજરાત ઝોનમાંથી ૪ ગરબા ગ્રુપ મળી કુલ ૧૮ રાસ ગરબા પ્રદર્શન વચ્ચે સ્પર્ધા યોજાશે. તેમજ સૌરાષ્ટ્રભરના પાટીદાર શૈક્ષણિક સંકુલોની બાળાઓ વચ્ચે ગરબા સ્પર્ધા યોજાશે. જેમાં ૮ ગ્રુપ વચ્ચે ગરબા સ્પર્ધા રાખવામાં આવશે. વિજેતા ગ્રુપને ઈનામ આપી સન્માનિત કરવામાં આવશે તેમજ ભાગ લેનાર તમામ ગ્રુપને ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવશે.

સિદસરમાં યોજાનાર આ મહિલા સંમેલનમાં વિશાળ સંખ્યામાં ઉપસ્થિત બહેનો માટે જાણીતા મોટીવેશનલ સ્પીકર જય વસાવડાનું વકતવ્ય યોજાશે. જેમાં આજના આધુનિક સમયમાં વિસરતી જતી પારિવારીક ભાવના, મૂલ્યો અને સામાજીક ઉત્થાનમાં મહિલાઓની ભૂમિકા વિષય ઉપર પ્રકાશ પાથરવામાં આવશે. પારિવારીક એકતા અને સામાજીક ઉત્થાનમાં મહિલાઓનું કર્તવ્ય અને ભૂમિકા ખુબ અગત્યની હોય છે તે વિષય ઉપર તેઓ પોતાના વિચારો રજુ કરી માર્ગદર્શન આપશે. આ મહિલા સંમેલનમાં પાટીદાર સમાજના મહિલા અગ્રણીઓ વિજયાબેન જીવનભાઈ ગોવાણી, સોનલબેન ઉકાણી, વિજયાબેન વાંસજાળીયા, ઉમિયાધામના મહિલા ટ્રસ્ટીઓ શોભનાબેન પાણ, નીશાબેન વડાલીયા ઉપસ્થિત રહેશે. આજની વધતી જતી મોંઘવારીના સમયમાં મહિલાઓનું આત્મનિર્ભર બનવું અત્યંત આવશ્યક બની રહયું છે તેને ધ્યાને રાખી ઉમિયા પરિવાર મહિલા સંગઠન દ્વારા મહિલાઓને રોજગારીની તક મળે તે ઉદેશ્ય સાથે વિવિધ વસ્તુઓનું પ્રદર્શન સહ વેચાણ મેળાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં સૌરાષ્ટ્રભરની મહિલા ઉત્પાદકો અને મહિલા વેપારીઓ વિવિધ ઉત્પાદનો, વસ્તુઓ જેવી કે, કિચન વેર, લેડીઝ વેર, ચિલ્ડ્રન વેર, ગૃહ સુશોભનની વસ્તુઓ, આયુર્વેદીક દવાઓ, હોમ ડેકોર, ગોબર પ્રોડકટ, ઓર્ગેનીક દવાઓ, મધ, મુખવાસ, રમકડા, વુડન આઈટમ, કોસ્મેટીક જેવી અનેકવિધ વસ્તુઓ ભાવિકો માટે પ્રદર્શન કમ વેચાણ માટે ખુલ્લી મુકવામાં આવશે. મા ઉમિયાના ૧૨૫માં પ્રાગટયોત્સવને ધ્યાને રાખી વિવિધ પ્રોડકટસના ૧૨૫ સ્ટોલનું પ્રદર્શન યોજાશે. અત્રે ઉલ્લેખનીય છે કે, તા.૧ ઓકટોબરના રોજ સિદસર ખાતે યોજાનાર આ મહિલા સંગઠન, રાસગરબા સ્પર્ધા અને પ્રદર્શન સેલને સફળ બનાવવા માટે સિદસર મંદિરના હોદેદારો, આગેવાનોના માર્ગદર્શન હેઠળ તમામ જીલ્લા, તાલુકાના મહિલા સંગઠન સમિતિના બહેનો જહેમત ઉઠાવી રહયા છે.

# તપોવન શૈક્ષણિક સંકુલના વિદ્યાર્થીઓ દ્વારા ગિરનાર સ્વચ્છતા અભિયાન હાથ ધરાયું



જૂનાગઢ તા. ૩૦

ભવનાથ વન વિભાગ અને તપોવન શૈક્ષણિક સંકુલ જૂનાગઢના વિદ્યાર્થીઓ દ્વારા ગિરનાર સ્વચ્છતા અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. તપોવન શૈક્ષણિક સંકુલના વિદ્યાર્થીઓ દ્વારા અંબાજી મંદિરથી નીચે સુધી સફાઈ અભિયાન હાથ ધરી અંદાજિત ૩૦ કોથરા જેટલો કચરો એકઠો કરીને પ્રકૃતિને સ્વચ્છ કરી હતી. જેમાં પ્લાસ્ટિકની બોટલ ફૂડ પેકેટ્સ અને બીજો નાશ ન પામે એવો ઘણો બધો કચરો લોકો ફેકીને પ્રકૃતિને પ્રદૂષિત કરી મૂકી હતી પ્રકૃતિને પ્રદૂષિત કરી મૂકી હતી જેથી વિદ્યાર્થીઓએ ગિરનાર ના પગથીયા પરથી ૩૦ જેટલા કોથરા પ્લાસ્ટિકનો કચરો એકઠો કર્યો હતો. આ સ્વચ્છતા અભિયાનમાં ૫૦ વિદ્યાર્થીઓ અને ફોરેસ્ટ વિભાગમાંથી મંજુબેન આહીર અને સ્કૂલ વિભાગ તરફથી સંજયભાઈ ગોરસીયા અને જીગરભાઈ રાદડિયા હાજર રહ્યા હતા

# માંગરોળ તાલુકા પંચાયત ખાતે યોજાયેલી બેઠકમાં કારોબારી અને ન્યાયસમિતિનાં ચેરમેનની નિમણુંક કરાઈ

(નિલેશ રાજપરા દ્વારા)

માંગરોળ તા. ૩૦



માંગરોળ તાલુકા પંચાયતના પ્રમુખના અધ્યક્ષ સ્થાને કારોબારીની બેઠક યોજાઈ હતી જેમાં સભ્ય સચિવ તરીકે તાલુકા વિકાસ અધિકારી એ.બી.જોષી રહ્યા હતા જેની ઉપસ્થિતિમાં સભ્યો દ્વારા ટેકો આપી નિમણુંક કરવામાં આવેલ હતી. આ મિટિંગ માં કારોબારી ચેરમેન તરીકે કારીબેન નરેન્દ્રભાઈ ટીંબાને અને ન્યાય સમિતિ ના ચેરમેન તરીકે પ્રભાબેન જેન્તીભાઈ ચુડાસમા ની નિમણુંક કરવાં આવી હતી. આ મીટીંગ માં માંગરોળ માળિયા હાટીના ધારાસભ્ય ભગવાનજી ભાઈ કરગટીયા કેશોદ ધારાસભ્ય દેવાભાઈ માલમ એ હાજરી આપી હતી. માંગરોળ તાલુકાના વિકાસના કામો વહેલી તકે થાય તે માટે પીજીવીસીએલ ઈજનેર તેમજ પોલીસ સ્ટાફ સહિત અધિકારીઓ એ હાજરી આપી હતી અને લોકોના કામો અને વિકાસના કામો ને વેગ મળે તે માટે ચર્ચાઓ કરવામાં આવી હતી.

# ઝાંઝરડા રોડ ઉપરની આડેધડ થયેલ ફુટપાથ-રસ્તા ઉપરની પેશકદમીને દુર કરતું પ્રશાસન

## ઝાંઝરડા રોડ પરના લોકો જાય તો જાય કયાં..? એ લોક મુંઝારાને મળતી વાચા, છતાં વ્હાલા-દવલાની બહાર આવતી નીતિ

(પ્રવાસી પ્રતિનિધિ દ્વારા)
જૂનાગઢ તા. ૩૦

બસ સ્ટેશનથી લઈને છેક ઝાંઝરડા ચોકડી સુધીના જૂનાગઢના હાર્દ સમાન મનાતા અતિ વિકસીત ઝાંઝરડા રોડ ઉપર ખાણી-પીણી, શાકભાજી સહિતના નાના-મોટા ધંધાર્થીઓ ઉપરાંત આ રોડ ઉપર આવેલા મોટાભાગના એપાર્ટમેન્ટોમાં ઉતારવામાં આવેલી દુકાનો પૈકી ભાગ્યે જ કોઈ દુકાનો પૈકી ભાગ્યેજ કોઈ દુકાનો સામે ગ્રાહકોના તો ઠીક પોતાના વાહનો પાર્કિંગ કરવાની કોઈ જગા ન હોવાથી લોકો માટે લખલુંટ ખર્ચે બનાવેલ પગપાળા ચાલવાની ફુટપાથ ઉપર આડેધડ વ્યાપક પ્રમાણમાં પેશકદમી કરી લેવામાં આવી છે. એટલુંજ નહીં આ રોડ એટલો બધો ઝડપથી વિકસીત થતો જતો હોય દિન પ્રતિદિન એટલો મોટો વાહન વ્યવહાર વધતો જતો હોવાથી જટીલ પ્રકારની ટ્રાફીક સમસ્યા ઉદ્‌ભવી છે કે નાના મોટા વાહન ચાલકો તો ઠીક પગપાળા નીકળનારા લોકો માટે ચાલે તો ચાલે કયા?

અને તેમાંય મનપા દ્વારા થતા ખોદાણો અને ગેસની અને ગટરની પાઈપલાઈન નાખ્યા પછી તો આ મહાનગરનો રસ્તો છે કે કોઈ ગામડાનો ખેતરાવ જમીન છે? તેજ નકકી કરવા જેથી કઠીન પરિસ્થિતીમાં અતિભારે વરસાદ વિગેરે કુદરતી અને માનવસર્જીત ટ્રાફીક સમસ્યાથી આ રોડ પરના આવન-જાવન કરનારા લોકો એટલા બધા ત્રાસી ગયા હતા કે ઘર બહાર નીકળતા પહેલા સો

**સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિકનો પડઘો...**

વાર વિચાર કરવો પડશે, મતલબ કે લોકો જાય તો જાય કયાં? એવી લોકવેદનાને આ દૈનિકે તાજેતરમાં વાચા આપી આ પ્રશ્ન પ્રશાસન સમક્ષ મુકતા આ જટીલ પ્રશ્નને જૂનાગઢ જીલ્લા પોલીસ અને મનપા તંત્રએ ગંભીરતાથી લઈને તાકીદની અસરથી સિધ્ધનાથ મંદિર પાસેના રેલ્વે અન્ડરબ્રીજથી લઈ છેક ઝાંઝરડા ચોકડી સુધીના ઝાંઝરડા રોડ પરની તમામે તમામ ફુટપાથ ઉપરના નાના-મોટા દબાણો હટાવીને લોકો જાય તો જાય કયાં? તે ત્રાસમાંથી મહદઅંશે મુકત કરાવની ટ્રાફીક પોલીસ અને મનપાના પ્રશાસનની સરાહનીય કામગીરી કરતા રાહતની લાગણી અનુભવેલ છે.

જો કે અવી પણ આ રોડ ઉપર ચર્ચાથતી સાંભળવા મળેલ કે મનપાના પ્રશાસન અને ટ્રાફીક પોલીની પેશકદમી દુર કરવાની કામગીરીમાં કેટલાક સ્થળ ઉપર વ્હાલા-દવલાની ભેદભાવયુકત નીતિ અપનાવી હોવાનો કેટલાક લોકો, વેપારીઓ વસવસો વ્યકત કરતા જોવા મળેલા છે.

આ અંગેની મળતી વિગતો અનુસાર જૂનાગઢના ધારાસભ્ય સંજય કોરડીયાના ખુદના બેસણા (રહેઠાણ) આ રોડ ઉપર હોવાથી તેમના કહેવાતા ઓળખીતા કે પરિચીતોના નાના મોટા દબાણોને નજરઅંદાજ કરવામાં આવ્યા હોવાનું વેપારીઓમાં ચર્ચાય છે.

કેટલાક તાજેતરમાં થયેલા રીનોવેશન અને બે માળની બનાવવામાં આવેલી દુકાનોમાં ઉપર જવા-આવવાની સીડીના પાકા બાંધકામોમાં ફુટપાથનો સરેઆમ ઉપયોગ કરીનો કાયમી ટ્રાફીક સમસ્યાને વધુ ઘેરી બનાવી હોવા છતાં આવી ગેરકાનુની કાયમી પાકી પેશકદમી જેમની તેમ કયાં કારણોસર જોવા મળે છે તે પ્રશ્ન ઝાંઝરડા રોડ ઉપરની જનતાને મુંઝવી રહયો છે.!

# ઉપરકોટનો અદભુત નજારો નિહાળી પ્રવાસીઓ ખુશખુશાલ






(પ્રતિનિધિ દ્વારા)
જૂનાગઢ તા.૩૦

ગુજરાત સરકાર અને પ્રવાસન વિભાગ દ્વારા જૂનાગઢનો નવલા નજરાણાની ભેટ અપાઈ છે.

ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તો ઉપરકોટનું લોકાર્પણ થયા બાદ ગઈકાલે એટલે કે તા.૨૯ થી ઉપરકોટને મુલાકાતીઓ માટે ખુલ્લો મુકવામાં આવેલ હતો અને આ પ્રથમ દિવસે જ અધધ કહી શકાય એટલા લોકોએ ઉપરકોટની મુલાકાત લીધી હતી. અંદાજીત ૭ હજારથી પણ વધુ લોકોએ ઉપરકોટની મુલાકાત લઈ પોતાના પ્રતિભાવો પણ વ્યકત કર્યા હતા અને અદભુત, અમેઝીંગ, વાઉ જેવા ઉદગારો મુલાકાતીઓમાં ઉઠવા પામ્યા હતા.

દરમ્યાન ગઈકાલે લોકોનો ભારે ઘસારો હોય એ દરમ્યાન ઉપરકોટ લખાયેલું ટાઈટલને થોડું નુકશાન થયું હોવા હતું પરંતુ તાત્કાલીક અસરથી ઉપરકોટ ખાતે રહેલા અધિકારીઓ તેમજ કંપનીના મેનેજર વિગેરેની ટીમે તાત્કાલીક ચાંપતા પગલા લઈ ઉપરકોટ લખાયેલા ટાઈટલનો યથાવત રીતે ગોઠવી આપેલ છે અનો તાત્કાલીક અસરથી રિપેરીંગ થઈ ગયું છે. વિશેષમાં આગામી તા.૨ ઓકટોબરે માત્ર વિદ્યાર્થીઓને જ પ્રવેશ આપવામાં આવશે.

# જૂનાગઢમાં યુનાઈટેડ એજયુ. એન્ડ વેલ્ફેર સોસાયટી દ્વારા આવતીકાલે તેજસ્વી તારલા સન્માન સમારોહ


(પ્રતિનિધિ દ્વારા)
જૂનાગઢ તા.૩૦

યુનાઈટેડ એજયુ. એન્ડ વેલ્ફેર સોસાયટી, જૂનાગઢ દ્વારા આયોજીત મુસ્લીમ તેજસ્વી તારલા સન્માન સમારોહ આવતીકાલ તા.૧-૧૦-૨૦૨૩ રવિવારના રોજ સવારે ૧૦ કલાકે ટાઉન હોલ ખાતો યોજવામાં આવેલ છે. મહાનગર જૂનાગઢના તેજસ્વી મુસ્લીમ તારલાઓને પ્રોત્સાહિત કરવા તથા જીવનયોગી શિક્ષણ મેળવી સમાજના મુખ્ય પ્રવાહમાંભળી દેશની પ્રગતિમાં નોંધપાત્ર હિસ્સો બનવાના આ રચનાત્મક કાર્યક્રમના પ્રમુખ સ્થાને મહાનગર જૂનાગઢના મેયર ગીતાબેન પરમાર, ઉદઘાટક તરીકે જેતપુરથી ડો. શહેનાઝબહેન બાબી, તેજસ્વી તારલાઓને આર્શિવચન પાઠવવા માંગરોળના ભુતપુર્વ એડમિનિસ્ટ્રેટર સીબીએસઈ વિભાગ, શારદાગ્રામના સાહેબઝાદી અકીલાબેન શેખ તેમજ ઈનામ વિતરણ શુભારંભ જૂનાગઢ મ્યુ. કોર્પો.ના માજી મેયર તથા સિનિયર કોર્પોરેટર આદ્યશકિતબહેન મજમુદાર સ્થાન શોભાવશે. યુનાઈટેડ એજયુકેશન એન્ડ વેલ્ફેર સોસાયટી દ્વારા શરૂ કરવામાં આવેલી સ્ત્રી સશકિતકરણની મુહિમના ભાગરૂપે આ વર્ષે સ્ટેજ ઉપર બિરાજમાન બધા જ મહેમાનો ફકત સ્ત્રીઓ દ્વારા જ શોભાવવામાં આવશે. ઉપરાંત આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાનો તરીકે મહિલા પોલીસ સ્ટેશનના પીઆઈ હર્ષાબહેન ગઢવી, જૂનાગઢના જાણીતા સિનિ. ફિઝીયોથેરાપીસ્ટ ડો. સીમાબહેન પીપલીયા, હાટકેશ હેલ્થેકર ફાઉન્ડેશન સંચાલિત હાટકેશ હોસ્પિટલના આંખ વિભાગના ડો. નાઝેમા કાઝી, જીએમઈઆરએસ મેડિકલ કોલેજના માઈક્રોબાયોલોજી વિભાગના એપી ડો. સાઝીયા ચવ્વાણ, જૂનાગઢની જાણીતી ફાતિમા ડેન્ટલ હોસ્પિટલના ડો. અફઝલનાઝ મોદી, જીએમઈએરએસ હોસ્પિટલના કોમ્યુનિટી મેડિસિનના ડો. નસરીન બહેન હાલા (પઠાણ), પોરબંદર વી.આર. ગોઢાણીયા કોલેજના એમબીએ વિભાગના ઈન્ચાર્જ ડાયરેકટર ડો. શકકીતાતબસ્સુમબહેન પરમાર તથા કેશોદની વીકેવી મહિલા કોલેજના એપી હીનાબહેન સીડા સ્થાન શોભાવશે. આ કાર્યક્રમમાં ધો.૫ થી કોલેજ કક્ષાની વિવિધ ઉપાધિઓ મેળવનાર આશરે ૧૫૦૦ જેટલા બાળકોને વિવિધ ઉપહારો, સર્ટીફિકેટસ તેમજ મોમેન્ટો દ્વારા સન્માન કરવામાં આવશે. આ ઉપરાંત અતિથિ વિશેષ સ્થાને અંજલીબહેન સાવલીયા, તન્વીરબહેન સૈયદ, નિરમબહેન દોલકીયા, રૂબીનાબહેન સોલંકી, ડો. ઝલાઝણીયા, ડો. નીતિબહેન ગઢવી, ચાંદનીબહેન જાગા, સૌનીલાબહેન થઈમ, ઈન્સિયારબહેન માઝડા, રશીદાબહેન હિરાલી, રૂબીનાબહેન જારીયા, નાસીમબહેન ધાનાણી, ડો. આમેરા બ્લોચ, ડો. નાબીલા શેરશિયા, ડો. ઈરમ દલ, ડો. રૂખ્શાર શમા, ડો. ઝૈનબ હલવાઈ, ડો. રેશ્મા ખોખર, આશાબહેન ગાંધી, નફીસાબેન ચૌહાણ, સૈરીલાબહેન મુન્શી, નલબીલાબહેન મુન્શી શોભાવશે. શિક્ષણ જાગૃતિના પ્રચાર અને પ્રસાર માટે અનિવાર્ય એવા આ રચનાત્મક સમારોહમાં જૂનાગઢની જાહેર જનતાને ઉપસ્થિત રહેવા યુનાઈટેડ એજયુ. એન્ડ વેલ્ફેર સોસાયટી, જૂનાગઢના પ્રમુખ ઈકબાલભાઈ મારફતીયાએ એક યાદીમાં જણાવેલ છે.

# કેશોદના ગજાનન ગણેશોત્સવમાં ૫૬ ભોગ અન્નકૂટ ધરાવી મહાઆરતી કરાઈ

(કમલેશ જોષી દ્વારા)
કેશોદ તા.૩૦

કેશોદના પટેલ રોડ પર પોલીસ લાઈન સામે પંડાલમાં પ્રથમ વર્ષે ગજાનન ગણપતિ દાદાની મૂર્તિની સ્થાપના શાકભાજીનાં લારીવાળા પથારાવાળા અને આસપાસના રહીશો દ્વારા મળીને કરવામાં આવી હતી. કેશોદના પટેલ રોડ સરકારી દવાખાના આસપાસના વિસ્તારમાં શાકભાજી નાં વ્યવસાય સાથે સંકળાયેલા નાનાં અને મધ્યમ વર્ગના ફેરિયાઓમાં મુસ્લિમ બિરાદરો હોવાં છતાં ભાઈચારાનો સંદેશ આપવા માટે હિન્દુ મુસ્લિમ સમાજના તમામ સાથે મળીને આસ્થાભેર ગણેશોત્સવ ઉજવવામાં આવ્યો હતો. કેશોદના પોલીસ લાઈન સામે ખુલ્લી જગ્યામાં સુંદર આકર્ષક અને કલાત્મક દૂંદાળા દેવ ગણપતિ દાદાની મૂર્તિ શાસ્ત્રોક્તવિધિ અનુસાર સ્થાપન કરી દરરોજ પુજા અર્ચના કરવામાં આવી હતી. કેશોદના પટેલ રોડ ગજાનન ગણેશોત્સવમાં ૫૬ ભોગ ધરાવવામાં આવ્યો હતો અનેરાત્રે મહાઆરતી કરવામાં આવી હતી. આસપાસના બાળકોનેરાત્રે વિવિધ રમતો રમાડી પ્રોત્સાહન ઈનામો પણ આપવામાં આવ્યાં હતાં. કેશોદ પટેલ રોડ ગજાનન



ગણેશોત્સવનાં આયોજન કરવામાં સુલેમાનભાઈ ભાભા, જગદીશભાઈ યાદવ, શોભનાબેન બાલસ, જલ્પાબેન દવે, વિજુબેન બાલસ, દિપકભાઈ યાદવ સહિતનાએ ભારે જહેમત ઉઠાવી હતી. કેશોદના પટેલ રોડ ગજાનન ગણેશોત્સવમાં દશ દિવસ શ્રધ્ધાપુર્વક ગજાનન ગણપતિ દાદાની પુજા અર્ચના કરવામાં આવતાં ભક્તિમય વાતાવરણ બની ગયું હતું આનંદ ચૌદસ નાં ઢળતી સાંજે ભાવભીની વિદાય આપી આવતાં વર્ષે વહેલાં પધારવાનું આમંત્રણ આપી માંગરોળ ખાતે વિસર્જન કરવામાં આવ્યું હતું.

# ISRO ના ચેરમેન એસ. સોમનાથએ પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથ મહાદેવના દર્શન પૂજન કરી





**સોમનાથ, ગોલોકધામ, ભાલકા તીર્થ, સહિત સમગ્ર પ્રભાસ તીર્થના દર્શન કરી એસ. સોમનાથે ધન્યતા વ્યક્ત કરી**

(રાકેશ પરડવા દ્વારા)
વેરાવળ, તા.૨૯

ચંદ્રયાન ત્રણની સફળતા બાદ ISRO ના વડા એસ.સોમનાથ પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથ મહાદેવના દર્શન કરી કહ્યુ ટુંક સમયમાં જ ઈસરો દ્વારા ઘણા બધા પ્રોજેક્ટ લોન્ચ કરવામાં આવશે તેવું પત્રકારોને જણાવ્યું છે. ચંદ્રયાન ૩ ની સફળતા બાદ ISRO ના વડા એસ.સોમનાથ પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથ મહાદેવના દર્શનાર્થે પધાર્યા હતા. ISROના ચેરમેન એસ. સોમનાથ આજે વહેલી સવારે ટ્રેન મારફતે વેરાવળ રેલવે સ્ટેશન ખાતે જિલ્લા વહીવટી તંત્ર અને ભાજપા સંગઠન દ્વારા ઉષ્માસભર સ્વાગત અભિવાદન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ તેઓ સોમનાથ મંદિર ખાતે પહોંચ્યા હતા જ્યાં મંદિર ટ્રસ્ટના ટ્રસ્ટી જે. ડી પરમાર અને સચિવ યોગેન્દ્રભાઈ દેસાઈ દ્વારા તેઓનું અભિવાદન કરવામાં આવ્યું હતું. એસ.સોમનાથ જી નું સંસ્કૃત પાઠશાળાઓના ઋષિકુમારો દ્વારા મંત્રોચ્ચાર સાથે સોમનાથ મંદિર પરિસરમાં સ્વાગત કરવામાં આવ્યું હતુ. બાદમાં તેઓએ સોમનાથ મહાદેવને જલાભિષેક અને સોમેશ્વર મહાપૂજા કરીને મંદિર પરિસરમાં ચાલી રહેલ મહાગણેશ યજ્ઞમાં જોડાયાને સોમનાથ મહાદેવ પાસે ISRO ના ભવિષ્યના પ્રોજેક્ટ માટે આશીર્વાદ માંગ્યા હતાં.

સોમનાથ મંદિરના દર્શન અને પૂજા અર્ચના બાદ ISRO ના ચેરમેન એસ. સોમનાથએ પત્રકાર પરિષદમાં જણાવેલ કે, સોમનાથ મંદિરના દર્શન કરે મને ખૂબ જ આનંદ થયો છે. જ્યારે ચંદ્રયાનનો સફળતાપૂર્વક લેન્ડિંગ બાદ મને વડાપ્રધાને ફોન કર્યો ત્યારે ત્યારે મને વડાપ્રધાનએ ખુશીમાં કહ્યું હતું કે તમારું નામ પણ સોમનાથ મંદિર સાથે જોડાયેલું છે. તેમને વધુમાં જણાવ્યું હતું કે ISROના મેક્સ મિશન હવે એક્સપો સાઈટ ટૂંક સમયમાં લોન્ચ કરવામાં આવશે તેની સંપૂર્ણ કામગીરી પૂર્ણ થઈ ચૂકી છે. નવેમ્બર અથવા ડિસેમ્બરમાં લોન્ચ કરવામાં આવશે હજી સુધી તારીખ જાહેર કરવામાં આવી નથી પરંતુ ટૂંક સમયમાં જ તારીખ પણ જાહેર કરવામાં આવશે. ત્યારબાદ ભારત અને અમેરિકાએ મળીને નાઈસા લોન્ચ કરવામાં આવશે. તેમનો નિર્માણ કામગીરી પૂર્ણ થઈ ચૂકી છે. આગામી ફેબ્રુઆરી મહિનામાં લોન્ચ કરવામાં આવશે.

વધુમાં ઈસરો ના ચેરમેન એ ચંદ્રયાન ૩ ના સોફ્ટ લેન્ડિંગ બાદ પ્રજ્ઞાન રોવર ને ૧૦૫ મીટર ચલાવ્યા ચંદ્ર પર રાત થઈ જતાં ફરી એકવાર પ્રજ્ઞાન રોવર ને જાગવાને લઈ પ્રતિક્રિયા આપી હતી અને કહ્યું કે પ્રજ્ઞાન રોવર જરૂર થી ફરી એકવાર જાગશે અને કામ કરશે. અને તેમને જગાડવા ના પ્રયત્નો ચાલુ છે. આમછતાં જો ન જાગ્યું તો પ્રજ્ઞાન રોવર એ ઈસરો માટે ઘણું જ કામ કર્યું છે.

# ભાણવડમાં વિવિધ શાળાના ત્રણ માળના બિલ્ડીંગનું નિર્માણ થશે: કેબિનેટ મંત્રી દ્વારા ખાત





(કુંજન રાડીયા દ્વારા)
જામ ખંભાળિયા, તા.૩૦

ખંભાળિયાના ધારાસભ્ય અને કેબિનેટ મંત્રી મુળુભાઈ બેરાના હસ્તે ભાણવડમાં દરબારગઢ ખાતે ખાત મુહૂર્ત કરવામાં આવેલી તાલુકા શાળા - ૩ કન્યા શાળા અને સરકારી અંગ્રેજી મીડિયમ સ્કૂલમાં અંદાજીત ૨.૬૮ કરોડના ખર્ચે ત્રણ માળનું નવું બિલ્ડીંગ નિર્માણ પામશે. જેમાં ૧૬ નવા રૂમ બનાવવામાં આવશે. જેનું ગઈકાલે શુક્રવારે કેબિનેટ મંત્રી મુળુભાઈ બેરાના હસ્તે ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ સાથે જ શાળામાં સ્માર્ટ બોર્ડ તેમજ કોમ્પ્યુટર લેબનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કેબિનેટ મંત્રીએ જણાવ્યું કે, શાળા ખાતે નવા રૂમ બનશે જેનાથી બાળકોને સારી સુવિધા મળશે. સ્કુલ ઓફ એક્સેલન્સ અંતર્ગત આ શાળાને ૧૧ સ્માર્ટ બોર્ડ આપવામાં આવ્યા છે. અને કોમ્પ્યુટર લેબનું પણ લોકાર્પણ કરવામાં આવ્યું છે. આ શાળામાં ૬૫૦ જેટલા વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. અગાઉ બાળકોને અંગ્રેજી માધ્યમમાં અભ્યાસ કરાવવા માટે બાળકોને બહાર ગામ મોકલવા પડતા હતા. પરંતુ છેલ્લા ચારેક વર્ષથી અહીં અંગ્રેજી માધ્યમ શરૂ કરવામાં આવ્યું છે. જેનાથી બાળકોને અંગ્રેજી માધ્યમના અભ્યાસ માટે બહાર મોકલવા નહિ પડે. શાળાના સરસ સંચાલન માટે આચાર્ય અને શિક્ષકોને અભિનંદન પાઠવી, બાળકોને ઉચ્ચ કારકિર્દી ઘડવા માટે શુભેચ્છા પાઠવી હતી. આ કાર્યક્રમમાં જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી ડુમરાણીયા દ્વારા શાબ્દિક સ્વાગત કરવામાં આવ્યું હતું. શાળાની છાત્રાઓ દ્વારા સાંસ્કૃતિક કૃતિઓ રજૂ કરવામાં આવી હતી. ઈન્ચાર્જ મામલતદાર જલ્પેશ બાબરીયા, તાલુકા વિકાસ અધિકારી ચુડાસમા, ટી.પી.ઓ. નંદાણીયા, વિગેરે આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા.

# સુરજકરાડી ખાતે આવેલ શ્રી માધવ પાંજરાપોળ ટ્રસ્ટ(ગૌશાળા)ને સ્ટાર ઓફ સૌરાષ્ટ્ર એવોર્ડથી સન્માનિત



(રાકેશ સામાણી દ્વારા)
દ્વારકા તા. ૩૦

દ્વારકાનાં સુરજકરાડી ગામે આવેલશ્રી માધવ પાંજરાપોળટ્રસ્ટ (ગૌશાળા)ને સ્ટાર ઓફ સૌરાષ્ટ્ર એવોર્ડ-૨૦૨ ૩ મળેલ છે. રાજકોટ હેમુ ગઢવી હોલ ખાતે તા. ૨૮/૯/૨૦૨૩ નાં રોજ એક સમારોહમાં માધવ પાંજરાપોળના ગૌભક્તોને આ એવોર્ડ એનાયત કરવામાં આવેલ હતો.


**-:: જાહેર નોટીસ ::-**

મામલતદાર, વંથલીની કોર્ટમાં, કોર્ટ રોડ, મુ. વંથલી
નં. જન્મ-મરણ/નોંધણી કેસ નં.૨૦/૨૦૨૩

શ્રી ભીમાભાઈ ટપુભાઈ ગોહેલ,
રહે. કણઝા (ધાર), તા. વંથલી, જી. જૂનાગઢ
.... અરજદાર

વિષય : જન્મ-મરણ અધિનિયમની કલમ-૧૩ (૩) મુજબ જન્મની નોંધ અંગેનો હુકમ કરવા બાબત

આથી લાગતા વળગતા તમામને જાણ કરવામાં આવે છે કે, આ કામનાં અરજદાર દ્વારા કરવામાં આવેલ રજુઆત અન્વયે પોતાના ભત્રીજા મગનભાઈ અરજણભાઈ ગોહેલની જન્મની નોંધ (જન્મ તા. ૦૧/૦૬/૧૯૬૪) નગરપાલિકા વંથલીમાં થયેલ ન હોય, નગરપાલિકા વંથલીનાં જન્મરજીસ્ટરમાં નોંધ કરી આપવા અંગે હુકમ થવા અત્રેને અરજી કરેલ છે. આ અરજી અંગે કોઈપણ વ્યકિતને વાંધો કે તકરાર હોય તો તેણે જાતે અથવા તેના કુલ મુખત્યાર કે વકીલ મારફતે તા. ૨૫-૧૦-૨૦૨૩ના રોજ બપોરના ૧૬:૦૦ કલાકે અત્રેની કોર્ટમાં હાજર રહેશો. જેમાં કસુર થયેથી કોઈપણ પ્રકારનો વાંધો નથી તેવું માની આગળની ન્યાયીક કાર્યવાહી કરવામાં આવશે.

આજ તારીખ : માહે : સપ્ટેમ્બર,૨૦૨૩ ના રોજ મારી સહી તથા સિકકો કરી આપ્યો

સ્થળ : વંથલી
તા. ૨૫-૯-૨૦૨૩

સહી અવાચ્ય
મામલતદાર અને
એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
વંથલી

# ટાઉનહોલનાં એસી મામલે મુખ્યમંત્રીએ જે ટકોર કરી તે શું દર્શાવે છે ?

## રૂા.૪.૨૮ કરોડનાં ખર્ચે કરાયેલા ટાઉનહોલનાં રીનોવેશનમાં લોટ - પાણીને લાકડા સિવાય કંઈ નથી..!!

જૂનાગઢ તા. ૩૦

ગઈકાલે જૂનાગઢ શહેરની મુલાકાતે આવેલા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ટાઉનહોલ ખાતે આપેલા તેમના વકતવ્યદરમ્યાન એવી ટકોર કરી હતી કે, જૂનાગઢમાં વિકાસ કાર્યો થઈ રહયા છે પરંતુ ટાઉનહોલમાં એસી પણ નથી ? ત્યારે મંચ ઉપર ઉપસ્થિત કેટલાક મહાનુભાવોએ એવો જણાવ્યું હતું કે, એસી છે ત્યારે મુખ્યમંત્રીએ વળતુ પરખાવ્યું હતું કે, એસી કામ કેમ નથી કરતા ? આવું થોડું ચાલે તેમ કહીને મુખ્યમંત્રીએ મનપાનાં કમિશ્નર અને જૂનાગઢનાં પ્રભારી રાઘવજી પટેલનું ધ્યાન દોર્યુ હતું. મુખ્યમંત્રીનો ઈશારો સ્પષ્ટ હતો કે, જૂનાગઢમાં વિકાસનાં નામ ખાલી વાતો જ થાય છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ૨૦૧૯માં જયારે જૂનાગઢ શામળદાસ ગાંધી ટાઉન હોલનું રૂા. ૪.૨૮ કરોડનાં મસ મોટા ખર્ચે રીનોવેશન કરવામાં આવ્યું હતું પરંતુ તે વખતે ભાજપનાં કોર્પોરેટર અને હાલમાં પણ જૂનાગઢનાં ધારાસભ્ય સંજયભાઈ કોરડીયાએ ટાઉનહોલની મુલાકાત લઈને તેના રીનોવેશનમાં જે ભ્રષ્ટાચાર આચરવામાં આવ્યો હતો તેને ઉજાગર કરવામાં આવ્યો હતો તે વખતે આ બાબતે ભારે હોબાળો મચી ગયો હતો. પરંતુ ગઈકાલનાં મુખ્યમંત્રીનાં કાર્યક્રમમાં એસીનાં મામલે જે મુખ્યમંત્રીએ ટકોર કરી તે સાબીત કરે છે કે, ટાઉનહોલનાં નવીનીકરણનાં કામમાં લોટ, પાણીને લાકડા જેવું જ કામ થયું છે. ટાઉનહોલનાં નવીનીકરણનું ટેન્ડર પણ કેટલાક પેંધી ગયેલા નેતાઓનાં મળતિયાઓને જ આપવામાં આવ્યું હોવાનું જગજાહેર છે. ભ્રષ્ટાચાર કરવા માટે કુખ્યાત આ પેંધી ગયેલા નેતાઓનાં ભ્રષ્ટાચારનો ભોગ જૂનાગઢની જનતા બની રહી છે. જેમાં નરસિંહ મહેતા તળાવનું કામ, જેને કારણે જૂનાગઢમાં અભૂતપૂર્વ જળ હોનારત સર્જાઈ તેના માટે આ ભ્રષ્ટાચારી નેતાઓ જ જવાબદાર છે તે બાબતે હવે કોઈ શંકા રહી નથી. હવે મુખ્યમંત્રી આ બાબતો જાણી ચુકયા છે. હવે ટાઉનહોલમાં જયારે નવા એસી ફીટ કરવામાં આવે ત્યારે ત્યારે તેમાં ભ્રષ્ટાચાર આચરવામાં ન આવે અને લાંબા સમય સુધી કાર્યરત રહે તે જોવાનું રહયું. જયારે કોઈપણ ટેન્ડર બહાર પાડવામાં આવે છે ત્યારે મળતીયાઓને જ ટેન્ડર અપાઈ જાય છે ત્યારે ટેન્ડરપ્રક્રિયામાં પણ પારદર્શિતા જળવાય તેવી નક્કર સીસ્ટમ ગોઠવવી અનિવાર્ય થઈ ગઈ છે.

### નામ બદલાવેલ છે

આથી હું નીચે સહી કરનાર જણાવું છું કે, મારૂ જુનું નામ **પોપટીયા ફેમિદા અશરફ** હતું. જે બદલીને હવેથી મેં મારૂ નવું નામ **પોપટીયા ફેમિદા અશરફભાઈ** રાખેલ છે. જેની લાગતા વળગતાઓએ નોંધ લેવી.

: સરનામું :

**પોપટીયા ફેમિદા અશરફભાઈ**

ડી-૨, બ્લોક નં.૩, કરીમાબાદ હાઉસીંગ સોસાયટી, સક્કરબાગ, જૂનાગઢ

### નામ બદલાવેલ છે

આથી હું નીચે સહી કરનાર જણાવું છું કે, મારૂ જુનું નામ **પોપટીયા અશરફ રજબઅલી** હતું. જે બદલીને હવેથી મેં મારૂ નવું નામ **પોપટીયા અશરફભાઈ રજબભાઈ** રાખેલ છે. જેની લાગતા વળગતાઓએ નોંધ લેવી.

: સરનામું :

**પોપટીયા અશરફભાઈ રજબભાઈ**

ડી-૨, બ્લોક નં.૩, કરીમાબાદ હાઉસીંગ સોસાયટી, સક્કરબાગ, જૂનાગઢ


**ખોડલધામ ટુર**

સ્લીપર કોચ

તા. ૧૦-૧૧-૨૦૨૩ ભાઈબીજથી ટુર ઉપડશે | દિવસ-૪૦

જેમાં મથુરા, હરીદ્વાર, નેપાળ સાથે બાર જયોતિર્લિંગ યાત્રાધામ રામેશ્વર, જગન્નાથપુરી, બદ્રીનાથ, દ્વારકા, ગંગાસાગર, તિરૂપતિ, કન્યાકુમારી, કેરલા તમામ સુવિધા સાથે

એક વખત ખોડલધામની યાત્રામાં સહકુટુંબ સાથે પ્રવાસ કરશો તો તમારી આ યાત્રા યાદગાર રહેશે

વહેલા તે પહેલાનાં ધોરણે

: બુકીંગ સંપર્ક :

મો. ૮૦૦૦૦ ૧૧૭૨૭ - જૂનાગઢ

**૧૦૦% નહીં ૧૫૦% ની મની ગેરંટી**

**૧૦૦% નહીં ૧૫૦% ની મની ગેરંટી સાથે સંપૂર્ણ આર્યુવેદિક ઔષધી યુક્ત ફાકી ડાયાબિટીસ, હૃદય રોગ, પેટના રોગો, વજન વધારે, પગના અને સ્નાયુના દુખાવા, સંધિવા, કબજિયાત, કોલેસ્ટ્રોલ માટે**

**ફાયદા :**

(૧) - ડાયાબીટીસ નાં દર્દીઓ માટે આ ફાકી સ્વર્ગ સમાન છે.. જેમાં આ ફાકી ૧.૫ માસ (દોઢ માસ), રેગ્યુલર લેવાથી ડાયાબટીસ સંપૂર્ણ કંટ્રોલ થઈ જાય છે. શરીરમાં તાજગી અને સ્ફૂર્તિનો નો અનુભવ થાય છે..

(૨) જે લોકોનું વજન ખૂબ વધારે છે તે લોકો આ ફાકી બે મહિના રેગ્યુલર લેવાથી ૧૦૦% વજન ઘટે છે તેની મની બેકગેરંટી, આ ફાકી લેવાથી કોઈપણ જાતની આડઅસર થતી નથી, ચરબી ઓગળી નાખે છે. અને શરીરમાં તાજગી અને સ્ફૂર્તિનો અનુભવ થાય છે. શરીર સ્લિમ થઈ જાય છે.

(૩) જે લોકોને વર્ષો જૂની કબજિયાત છે, ગેસ, એસિડિટી, પાચનતંત્ર નબળુ હોય, તે લોકો આ ફાકી ફકત એક મહિનામાં પોતાની કમાલ દેખાડે છે..

(૪) જે લોકોને ગોઠણના પગના સાંધાના દુઃખાવા, થોડું ચાલવાથી થાક લાગવો, કમરના દુખાવા કે કોઈપણ જાતના શરીરમાં દુખાવો આ ફાકી એક મહિનો લેવાથી તેમની દર્દ પીડા દૂર થાય છે..

**નોંધ : આ ફાકીમાં સ્ટીરોડ કે પેઈન કિલર દવાનો ઉપયોગ કરવામાં આવતો નથી. આ ફાકીનું રીઝર્ટ એક મહિનામાં મળશે**

**:: ફોન કરવા માટેનો સમય ::**

**સવારે ૧૦ થી ૧:૩૦ સુધી - સાંજે ૫ થી. ૮:૩૦ સુધી જ**

**૧૫ દિવસ ની ફાકી ની કિંમત ૨૨૫/-**

**૧ મહિનાની ફાકી ની કિંમત ૪૫૦/-**

ફાકી લેવાની રીત :- સવારે નવશેકા પાણીમાં એક ચમચી લઈ શકાય... (આ આર્યુવેદીક ફાકી લેવાથી કોઈપણ જાતની આડઅસર થતી નથી.)

આ એક જ ફાકી તમામ દર્દમાં ફાયદો કરે છે

**આ ફાકી અન્ય કોઈ જગ્યાએ મળશે નહી**

**સંપર્ક : મો. ૯૩૭૬૬ ૦૫૫૬૨**

**જૂનાગઢ**

**ૐ નેચર કયોર સેન્ટર**

**ડો. સી.ડી. ઓઝા**

**તમામ પ્રકારની નૈસર્ગિક ટ્રીટમેન્ટ ઉપલબ્ધ જેવી કે**

- શીરોધારા : માઈગ્રેન, માથાનો દુઃખાવો, તણાવ, ચિંતા, ડીપ્રેશન, અપચો, કબજીયાત, કંપન, વાળ ખરવા, ચામડીના રોગો તથા સ્વસ્થ વ્યકિત માટે
- નસ્ય : સાઈનસ, નાક બંધ થઈ જવું, એલર્જી, ચિંતા
- નેત્ર તર્પણ : આંખનાં નંબર ઉતારવા, આંખમાં બળતરા થવી, આંખ આવવું, આંખોમાંથી પાણી નીકળવું
- જાનુ બસ્તિ : ગોઠણનાં દુઃખાવા
- કટિબસ્તિ : કમરમાં દુઃખાવો, સાઈટીકા, પગમાં ખાલી ચડવી
- મડ બાથ : ચામડીના રોગો ઉપરાંત સ્ટીમ બાથ, અભ્યંગ, ગ્રીવા બસ્તિ, પોટલી મસાજ જેવા ઉપચારો

ઉપર મુજબની તમામ ટ્રીટમેન્ટ રોગોમાં તથા સ્વસ્થ વ્યકિત દ્વારા પણ કરાવી શકાય છે.

**દરરોજ સાંજે ૭ થી ૮ નિષ્ણાંત આયુર્વેદ તબીબ દ્વારા મફત નિદાન કરી આપવામાં આવશે**

ગીરીરાજ મેઈન રોડ, ક્રિષ્ના પ્રોવીઝન સ્ટોર સામે, નોબલ સ્કુલ પાસે, જૂનાગઢ. મો. ૯૮૯૮૭ ૨૬૦૦૨

હાર્દિક શુભેચ્છા....

**પ્રસાદ ડેન્ટલ હોસ્પિટલ**

**દાંત, પેઢા, તથા મોં નાં રોગોની સારવાર અને નિદાન કેન્દ્ર**

**ડો. પ્રકાશ જે. ડોડીયા**

B.D.S.

દાંત, પેઢા, તથા મોં નાં રોગનાં નિષ્ણાંત

**એકસ-રે,, ઈન્ટ્રાઓરલ કેમેરા, એન્ડોમોટર, એપેકસ લોકેટર જેવા સાધનોથી અત્યાધુનિક સારવાર**

**ચેપી રોગોથી બચવા સ્ટીમ સ્ટીરીલાઈઝર, ઓટોકલેવ તથા ગ્લાસ બીડ સ્ટરીલાઈઝર જેવી સુવિધા**

સમય : સોમ થી શનિ સાંજે ૫ થી ૮ જૂનાગઢમાં મળશે
સોમ થી શનિ સવારે ૯ થી ૧૨ - ગોંડલમાં મળશે

પાદર ચોક, શાકમાર્કેટ, રાજલક્ષ્મી કોમ્પ્લેક્ષ, જોષીપરા, જૂનાગઢ.

મો. ૯૭૨૩૪ ૩૧૩૫૮ ફોન : ૦૨૮૫-૨૬૧૧૦૨૨

કૈલાશ કોમ્પ્લેક્ષ-એફ, વછેરાનાં વાડાની સામે, ગોંડલ (ફોન : ૦૨૮૨૫) ૨૯૫૫૨૦

**ઓફર...ઓફર...** M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨

તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.

એકસચેંજ ઓફર

LED TV રૂા. 6500* થી શરૂ

ફ્રીઝ ૯૫૦૦ થી શરૂ

MI-GL

ઘરઘંટી ૯૫૦૦ થી શરૂ

**બીના ઈલેકટ્રોનિકસ**

Kelvinator

MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્લ્ડ.

LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ

0% ફાઈનાન્સ 0% ડોકયુમેન્ટ ચાર્જ

જે.પી. ચોટાઈ કોમ્પલેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.

માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.

॥રામ॥

આપના ખુશહાલ પરિવાર માટે અમો લાવ્યા છીએ...

જૂનાગઢ શહેરના હાર્દ સમા વિસ્તાર વાડલા ફાટક તથા ઝાંઝરડા રોડ વિસ્તારમાં,

દરેક પરિવારને પરવડે તેવા ભાવમાં...

રેસીડેન્સીયલ ખુલ્લા સ્વતંત્ર પ્લોટ પ્રોજેકટસ


કલ્પ ઉપવન ટાઉનશીપ

ખેતલીયા દાદાના મંદિર સામે, ઝાંઝરડા, જૂનાગઢ.

કલ્પ ઉપવન રેસીડેન્સી


અવસર પાર્ટી પ્લોટની સામે, વાડલા ફાટક, વંથલી રોડ, જૂનાગઢ.

૧૫ માસની મુદત / સરળ હપ્તા




૧૦૫ થી ૨૪૮ વારના ખુલ્લા પ્લોટ

૯૫ થી ૧૯૦ વારના ખુલ્લા પ્લોટ



૧૫ માસની મુદત / સરળ હપ્તા



મજબુત એન્ટ્રી ગેઈટ | સીક્યુરીટી માટે કેબીન | બાળકો માટે પ્લે ગ્રાઉન્ડ | સીક્યુરીટી માટે કેમેરા | પુરતા પ્રમાણમાં સ્ટ્રીટ લાઈટ | મજબુત સી.સી રોડ રસ્તા | સુઆયોજીત ગટર વ્યવસ્થા | ફરતી બાજુ કંપાઉન્ડ વોલ

પ્લાન ની PDF મેળવવા માટે સ્કેન કરો

ISHAAN GROUP

બુકીંગ સંપર્ક

આશિષ ઉપાધ્યાય - 99095 50000

ધવલ ત્રાંબડીયા - 99989 93828

લોકેશન જાણવા માટે સ્કેન કરો

પ્લાન મેળવવા માટે સ્કેન કરો